શ્રી સુર્યવંશી વિજયતે

શ્રી લોહાણા મહાપરિષદ

સંનીષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિધ્ધિ

RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL-13 ISSUE No. 11 April 2023 Pages 40

અમે ખૂબ ચાલ્યા, અમે ખૂબ દોડયા

ચરણને બધીએ દિશાઓમાં મોડયાં,

LMP થી અમે સંગઠન પાયામાં સ્થાપ્યું;

અને એક સપનાને LIBF નામ આપ્યું!!



માલિક
શ્રી લોહાણા મહાપરિષદ
પ્રકાશક/પ્રમુખ : સતિષ ડી. વિઠ્ઠલાણી
તાત્કાલિન પ્રમુખ : પ્રવીણ ટી. કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાંત જે. તન્ના
સહતંત્રી : મીનાબેન મગદાણી
વ્યાવસ્થાપક : હરીશ બી. ઠક્કર

શ્રી લોહાણા મહાપરિષદ
પત્રવ્યવહારનું સરનામું:
રજીસ્ટર્ડ ઓફિસ:
**શ્રી લોહાણા મહાપરિષદ**
શ્રી લોહાણા કન્યાશાળા,
નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ,
મુલુંડ પોલીસ સ્ટેશન પાસે, મુલુંડ (પ.)
મુંબઈ - ૪૦૦ ૦૮૦. ભારત
ફોન નં : ૯૧ ૨૨ ૨૫૬૧૭ ૯૨૫૦
મો. : ૭૯૭૭૯૫૮૩૩૦

સભ્ય પદ:
આજીવન લવાજમ
(ભારત) : રૂા. ૨,૦૦૦/-
આજીવન લવાજમ :
(ભારતની બહાર) રૂા. ૮,૦૦૦/-

ઈમેલ:
contact@lohanamahaparishad.org


વેબસાઈટ:
www.lohanamahaparishad.org

શ્રી રઘુકુળ વિશ્વમાં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો પર આધારિત છે. જે બાબતે શ્રી રઘુકુળ વિશ્વ કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | માતૃસંસ્થાની અટારીએથી | ૧ |
| ૨. | તંત્રી સ્થાનેથી | ૩ |
| ૩. | કમ્પાલા–યુગાન્ડા ખાતે LIBF સમિટ સફળતાથી સંપન્ન | ૫ |
| ૪. | શ્રી હાલાઈ લોહાણા મહાજન દ્વારા પ્રમુખશ્રીનું સન્માન | ૧૭ |
| ૫. | “ભારત–આફ્રિકા વ્યવસાયની અનેક તકો” પરિસંવાદ | ૧૮ |
| ૬. | શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિની પ્રવૃત્તિઓ | ૨૦ |
| ૭. | કેનેડા–તકોનો દેશ | ૨૫ |
| ૮. | શ્રી જલારામ લોહાણા કન્યા છાત્રાલય, વલ્લભ વિદ્યાનગરનો ૨૩મો વાર્ષિકોત્સવ | ૨૬ |
| ૯. | શ્રી લોહાણા મહાજન નડિયાદ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન | ૨૮ |
| ૧૦. | શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન, વિદ્યાનગરનો વાર્ષિકોત્સવ | ૩૧ |
| ૧૧. | શાબાશ રઘુવંશી | ૩૩ |
| ૧૨. | શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા મંડળ દ્વારા મેડિકલ કેમ્પ | ૩૪ |
| ૧૩. | શ્રી લોહાણા સમાજ સંગઠન ની સભા | ૩૫ |
| ૧૪. | જુનાગઢ ખાતે શ્રી લોહાણા મહાપરિષદ ષષ્ટમ કારોબારી સમિતિ સભા | ૩૭ |

# અભિવંદન, ઋણ સ્વીકાર, ધન્યવાદ





વ્હાલા વિશ્વ રઘુવંશી બંધુઓ,
બહેનો, યુવા દોસ્તો,

**સૌને જય રઘુવંશ... જય જલારામ... જય મહાપરિષદ...**

''मैं अकेला ही चला था जानिब - ए - मंजिल मगर
लोग साथ आते गए और कारवाँ बनता गया''

હું, સતિષ વિઠ્ઠલાણી, મારા હ્રદયની ઉર્મિઓથી ઉપરોક્ત લાગણી સમર્પીત કરું છું ગત તા. ૧૯ થી ૨૨ માર્ચ દરમિયાન કમ્પાલા-યુગાન્ડા ખાતે ભવ્યતાપૂર્વક અને ખૂબ સફળતાથી સંપન થયેલ ''લોહાણા ઈન્ટનેશનલ બિઝનેશ ફોરમ-આફ્રિકા કોલીંગ,'' સમિટને અને તેમા સહભાગી બનેલા વિશ્વના તમામ રઘુવંશી ભાઈ-બહેનો અને યુવા મિત્રોને. ડિસેમ્બર, ૨૦૨૨માં મારી પૂર્વ આફ્રિકાની મુલાકાત દરમિયાન એક વિચાર સુઝયો કે જો રમતગમતના માધ્યમથી જ્ઞાતિબંધુઓ અહિ આટલી મોટી સંખ્યામાં એકઠા થઈ શકતા હોય તો પૂરાય વિશ્વમાં વસતા જ્ઞાતિજનોને વેપાર ના માધ્યમથી એકઠા કરીએ તો ? કેમકે વેપાર - વાણિજય અને સાહસ એતો આપણા રકતના કણે કણમાં વહે છે. બસ આ એક સપનું, મારા મનનો વિચાર મેં આપણા બિઝનેશ સમિતિ અધ્યક્ષ શ્રી વિજયભાઈ કારીયા ને તેમજ કમ્પાલા - યુગાન્ડામાં ડૉ. સુધીરભાઈ રૂપારેલિયા, શ્રી સુભાષભાઈ ઠકરાર અને અન્ય મિત્રોને કહ્યો અને પછી જે કંઈ પણ થયું છે તે ઈતિહાસ બની ગયો છે.

હા, મિત્રો શ્રી લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં પહેલીવાર આ એક એવી ઘટના બની કે જ્યાં વિદેશની ધરતી પર ૨૪ દેશોના ગણમાન્ય રઘુવંશી વ્યાપારી શ્રેષ્ઠીઓ ૮૫૦ જેટલી સંખ્યામાં એકત્રીત થયા અને પોતાના વિચારોની આપલે કરી, રોકાણની તકોની સંભાવના તપાસી અને જ્ઞાતિમાં સંગઠનની ભાવના કેળવવા, સૌ જ્ઞાતિબંધુઓ સાથે મળી એકબીજાને મદદરૂપ થવા અને એ રીતે જ્ઞાતિનો ઉત્કર્ષ સાધવાની કટીબદ્ધતા દર્શાવી.

ભાઈઓ – બહેનો, LIBF ની આ ભવ્ય સફળતા માટે હું આપ સૌ પરત્વે કૃતજ્ઞતા પ્રગટ કરી અભિવંદન પાઠવું છું, ઋણ સ્વીકાર કરું છું, સૌને ધન્યવાદ આપું છું. આટલી મોટી ઈવેન્ટ કોઈ એક વ્યક્તિથી ના થઈ શકે. સૌનો સાથ સહકાર અને નિષ્ઠા તેમજ નિસ્વાર્થ ભાવ મળે ત્યારે જ આવી વિરલ ઘટના આકાર પામતી હોય છે. LIBF ની સફળતા માટે જે લોકોનું પ્રત્યક્ષ અને પરોક્ષ તન,મન અને ધનથી જે યોગદાન પ્રાપ્ત થયું છે તે સર્વેના નામ લખવા બેસું તો એ યાદી ખૂબ મોટી બની જાય, અને એટલે જ આ સર્વને વ્યક્તિગત રીતે પત્ર લખીને ઋણ સ્વીકાર કર્યો છે. મિત્રો, ‘‘સંનિષ્ઠા, સંગઠન અને સેવા દ્વારા સિદ્ધિ’’ ના માતૃસંસ્થા ના મહામંત્રને સિદ્ધ કરવાના  પ્રયત્નના ભાગ રૂપે LIBF જેવા એક નવતર પ્રકલ્પની શરૂઆત થઈ છે. આવનારા સમયમાં આ પ્રકલ્પ જ્ઞાતિ  ઉત્કર્ષના આપણા ઉપક્રમમાં મહત્વનું યોગદાન આપશે એવી મને પૂરી શ્રદ્ધા છે પૂન: LIBF ને સફળતા સુધી લઈ જવામાં જે જે લોકોએ યોગદાન આપ્યું છે તે સૌને હૃદયથી બીરદાવી આભારની લાગણી પ્રગટ કરું છું.

ભાઈ–બહેનો, આપ સૌ જાણો છો કે શિક્ષણ અને આરોગ્ય આપણા મુખ્ય પ્રકલ્પો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં **૪૩૨** વિદ્યાર્થીઓને આપણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે **૧૬,૧૮,૫૦૦/–** રૂપિયાની શિષ્યવૃત્તિ આપી છે અને ઉચ્ચ શિક્ષણ માટે **૧૫૧** વિદ્યાર્થીઓને **૫૬,૭૫,૩૫૦/–** રૂપિયાની સહાય આપી છે, જેનો આપણાને આનંદ અને ગર્વ છે. શીક્ષણ સહાય માટે સહયોગ આપી રહેલા સૌ દાતાઓ પરત્વે પણ હું આભારની લાગણી પ્રગટ કરી ધન્યવાદ પાઠવું છું.

આપ સૌ જાણો છો કે આગામી ૩ અને ૪ જુન, ૨૦૨૩ દરમિયાન જુનાગઢ ખાતે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની ષષ્ટમ કારોબારી સભાની બેઠક યોજાવા જઈ રહી છે. ત્યારે સૌ કારોબારી સભ્યો, ટ્રસ્ટીશ્રીઓ, વરિષ્ઠ હોદ્દેદારો, સમિતિ અધ્યક્ષશ્રીઓ અચુક હાજર રહેશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરું છું. ચાલો, આપણે સૌ સાથે મળી ‘‘એક ને એક બે નહિ પણ અગીયાર’’ બની જ્ઞાતિ વિકાસ અને જ્ઞાતિ ઉત્કર્ષની યાત્રામાં સહભાગી બનીએ અને એ રીતે નિસ્વાર્થ ભાવે કંઈક અર્પણ કરી ધન્યતા અનુભવીએ.....

**સતિષ ડી. વિઠ્ઠલાણી**
**પ્રમુખ**

# LIBF : મહાપરિષદના ઈતિહાસમાં એક નવા અધ્યાયની શરૂઆત



એવું માનવામાં આવે છે કે સમાજ કે જ્ઞાતિમાં પ્રબળ ઈચ્છા શક્તિ, ઉમદા પ્રયત્ન અને સબળ નેતૃત્વ તેમજ કુશળ કર્તૃત્વ હોય તો ત્યાં હંમેશા નીતનવા અને સર્જનાત્મક કાર્યો આકાર પામે છે અને પછી જો તેમાં સંપ, સુહૃદયભાવ અને એકતાનું સિંચન થાય તો અચુકપણે તે કાર્યો સફળતાને પામે છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તેના કર્મઠ અને વિઝન સાથે કાર્ય કરતા પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વમાં ગત તા. ૧૯ થી ૨૨ માર્ચ, ૨૦૨૩ દરમિયાન કમ્પાલા-યુગાન્ડા ખાતે સફળતા પૂર્વક સંપન થયેલ ''લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેશ ફોરમ' ૨૦૨૩ (LIBF) આવું જ એક શ્રેષ્ઠ ઉદારહણ છે. ડિસેમ્બર, ૨૦૨૦માં માતૃસંસ્થાના ૧૪માં પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો તે વખતે શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ પોતાના રોડ મેપમાં કંઈક નવું અને અનોખું કરવાની ખેવના અને નેમ વ્યક્ત કરેલી. સૌથી પહેલા તેઓએ જ્ઞાતિના છેવાડાના વ્યક્તિ સુધી મહાપરિષદ અને તેના પ્રકલ્પોને પહોચાડવા, પહેલા જે ૭ ઝોન હતા તેના ૧૫ ઝોન કર્યા અને વિદેશમાં ૮ ઝોન બનાવ્યા. દરેક ઝોનમાં એક પ્રમુખનો હોદ્દો આપ્યો. માત્ર એટલું જ નહિ પણ દરેક ઝોનમાં પણ વિસ્તાર મુજબ દેશમાં ૪૮ અને વિદેશમાં ૧૮ રિજન પાડયા અને દરેક રિજનને પણ એક પ્રમુખ આપી લોહાણા મહાપરિષદ થી દરેક રઘુવંશી ને માહિતગાર કરવાનો પ્રયત્ન કર્યો. ત્યાર બાદ બીજુ કાર્ય તેમણે સ્થાયિ સમિતિઓ માં પણ અમુક મહત્વની સમિતિઓનો ઉમેરો કર્યો. એમાંની એક એટલે લોહાણા મહાપરિષદ બિઝનેશ સમિતિ. આ સમિતિના નેજા હેઠળ LIBF સમિટ સફળતા પૂર્વક યોજાઈ જેને આપણે મહાપરિષદના ઈતિહાસમાં એક નવા અધ્યાયની શરૂઆત તરીકે અચૂક મુલવી શકીએ.

માતૃસંસ્થા દ્વારા અગાઉ પણ આંતરરાષ્ટ્રિય કક્ષાના સંમેલનો, ૬ જેટલા અધિવેશન ખૂબ સફળતાથી સંપન થયા છે પણ બિઝનેશના માધ્યમથી વિશ્વના રઘુવંશીઓ વિદેશની ધરતી પર આટલી મોટી સંખ્યામાં એકઠા થાય એ એક નવી અને શુભ શરૂઆત છે જે બિરદાવવા પાત્ર તો ખરીજ. LIBF ની આ શરૂઆતથી આપણે ૪૦ જેટલા દેશોમાં વસતા રઘુવંશી ભાઈ-બહેનોનો સંપર્ક કરી શકયા છે, જે લોહાણા મહાપરિષદને ખરા અર્થમાં વૈશ્વિક બનાવશે. આ ૪૦ દેશોના રઘુવંશીઓમાં મોટા ભાગના આ

ઈવેન્ટમાં ભાગ લેવા ઈચ્છતા હતા પરંતુ વિઝા, ટિકિટ, તારીખ વગેરે પ્રતિકુળતાઓના કારણે ૨૨ દેશના ૧૩૯ શહેરોમાંથી વ્યવસાયના ૨૯ જેટલા સેકટર્સમાં ભાગ લેવા જ્ઞાતિના શ્રેષ્ઠીજનો ઉપસ્થિત રહી શ્રી લોહાણા મહાપરિષદમાં એક નવા અધ્યાયના મંડાણ કર્યા છે. અન્ય એક સરાહનિય અને ગૌરવપ્રદ બાબત એ પણ રહી કે જ્ઞાતિના આવા સંમેલનમાં જે દેશમાં એ યોજાઈ એ યુગાન્ડાના પ્રથમ નાગરીક એટલે કે ખુદ પ્રમુખ અને સરકારી એજન્સીઝ, હાઈ કમિશન વગેરે પણ ઈવેન્ટને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા. માત્ર એટલું જ નહિ પરંતુ યુગાન્ડાના તમામ મિડિયામાં પણ એની તારીફ સાથે નોંધ લેવાઈ એ ખરેખર આપણા માટે ગૌરવપૂર્ણ કહેવાય. વિશ્વના ૮૫૦ થી પણ વધુ રઘુવંશી વ્યાવસાયિક દિગ્ગજોએ ત્રણ દિવસ સુધી પોતાના વ્યવસાય, વિચારો અને વ્યવસાયના વિસ્તરણ તેમજ રોકાણો વિશે ચર્ચાઓ કરી અનેક પ્રકલ્પોની શક્યતાઓનું આદાન પ્રદાન કર્યું અને તેની ફળશ્રુતી સ્વરૂપે લગભગ ૩૦ જેટલા એમ.ઓ.યું. થયા અને હજુ કેટલાક પાઈપ લાઈનમાં પણ છે. આ પ્રસંગે બીએપીએસનાં વૈશ્વિક સંત પૂજય બ્રહ્મવિહારી સ્વામિએ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તૈયાર કરેલ બિઝનેશ વેલ્યુસ અને એથિકસ માટેના ''લોહાણા મોરલ કોડ''ના સૌને શપથ લેવડાવી લોહાણા જ્ઞાતિમાં જન્મેલા પૂ. યોગીબાપાના ''સંપ, સુહૃદયભાવ અને એકતા'' થી જ્ઞાતિનો ઉત્કર્ષ કરવા પ્રેરણા આપી. પ્રથમ સમિટમાં જ આટલા એમ.ઓ.યુ. થયા હોય તો તે શુભ શરૂઆતની નિશાની છે.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આ શુભ શરૂઆત મહાપરિષદના ધ્યેય મંત્ર ''સંગઠન, સંનિષ્ઠા અને સેવા દ્વારા સિદ્ધિ'' ને ખરા અર્થમાં ચરિતાર્થ કરી ભવિષ્યમાં વિશ્વનાં વધુને વધુ રઘુવંશીઓને જોડી જ્ઞાતિ ઉત્કર્ષમાં ખૂબ અગત્યનો પ્રકલ્પ બની રહે તેવી અભ્યર્થના. માન. સતિષભાઈ, બિઝનેશ સમિતિ અધ્યક્ષ શ્રી વિજયભાઈ, ડૉ. સુધીરભાઈ રૂપારેલીયા અને સૌ આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ.....

**પ્રોફે. ચન્દ્રકાન્ત જે. તન્ના**

# કંપાલા-યુગાન્ડા ખાતે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ આયોજીત "લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ-આફ્રિકા કોલિંગ" સમિટ અત્યંત સફળતા પૂર્વક સંપન્ન

શ્રી લોહાણા મહાપરિષદ આયોજીત પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વમાં મહાપરિષદના ઈતિહાસમાં સૌ પ્રથમવાર વેપારના ક્ષેત્રના માધ્યમથી વૈશ્વિક કક્ષાએ લોહાણા જ્ઞાતિના વ્યવસાયિક દિગ્ગજો એક મંચ પર ભેગા મળી એકબીજાને સહયોગ આપવા તત્પર થયા એવી વિરલ ઘટના તા. ૧૯ થી ૨૨ માર્ચ ૨૦૨૩ દરમિયાન મુન્યાન્યો-કંપાલા, યુગાન્ડા ખાતે યોજાયેલ લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ (LIBF) નો કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો.



'સંનિષ્ઠા, સંગઠન અને સેવા દ્વારા સિદ્ધિ' ના મહામંત્રને અનુસરતા વિશ્વસ્તરે વસતા આપણા જ્ઞાતિજનોના કૌશલ્યને પ્રોત્સાહન મળે અને એકબીજા સાથે જોડાયેલા રહીને વિચાર વિર્મશ કરી રઘુવંશી સમાજને એક નવી ઊંચાઈ પર લઈ જવાના ઉદ્દેશ્યથી આફ્રિકા યુગાન્ડામાં યોજાયેલ આ કાર્યક્રમમાં વેપારના માધ્યમથી વૈશ્વિક કક્ષાએ લોહાણા જ્ઞાતિના લગભગ ૨૪ થી વધુ દેશોના ૮૫૦ વ્યવસાયિક દિગ્ગજો એક મંચ પર ભેગા મળી એકબીજાને સહયોગ આપવા તત્પર થયા હતા. પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીના મનમાં ઉદભવેલ વિચાર 'વેપાર વાણિજય અને સાહસ એજ રઘુવંશીની ઓળખને બિઝનેસ સમિતિ અધ્યક્ષ શ્રી વિજયભાઈ કારિયા તથા કંપાલા યુગાન્ડાના ડૉ. સુધીરભાઈ



Uganda President Hon. HE Yoweri Museveni









રૂપારેલિયા અને અન્ય સાથીઓએ ખૂબ જ જહેમત ઉઠાવી અને સાકાર સ્વરૂપ આપ્યું એ ખરેખર પ્રશંસનીય છે.

**પ્રથમ દિવસ તારીખ ૧૯ માર્ચ ૨૦૨૩ :** રવિવાર તા. ૧૯ માર્ચના રોજ સાંજે ૫.૩૦ કલાકે સર્વે આફ્રિકા યુગાન્ડા સ્થિત **Speke Resort Munyonyo** ખાતે ચા સાથે અલ્પાહારમાં એકત્રિત થઈ એકબીજાને મળવાનો અને ગમતાનો ગુલાલ કરવાનો લ્હાવો લીધો હતો. સાંજે ૭.૦૦ કલાકે કાર્યક્રમની શરૂઆત નૃત્ય દ્વારા આફ્રિકન દિકરીઓએ ભારત તથા આફ્રિકાના ધ્વજની ઓળખ સાથે ગણપતિ વંદના થી કરી હતી. ત્યારબાદ રઘુકુળ ગીતનું ગાન રજુ કરાયું હતું. શ્રી વિજયભાઈ કારિયા, શ્રી સુધીરભાઈ રૂપારેલીયા તથા શ્રી સંજયભાઈ ઠક્કરે સર્વે નું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. શ્રી સુભાષભાઈ ઠકરારે સર્વેને આમંત્રિત કરી અને લોહાણા જ્ઞાતિના ઈતિહાસનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સ્વામી શ્રી બ્રહ્મવિહારીજીએ રઘુવંશીઓ ને ઉદ્દેશી જણાવ્યું હતું કે, ‘આજે અહીં ધણા બધા હૃદયો જમા થયા છે પરંતુ ધબકારો એક જ સંભળાઈ રહ્યો છે. ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ-ટ્રસ્ટીશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી કે જેમણે યોગ્ય અને મધુર સંગીત વગાડયું જેને સાંભળીને આટલી બહોળી સંખ્યામાં રઘુવંશીઓ અહીં જમા થયા તેમણે ઉપસ્થિત સર્વેને સંબોધી સ્વાગત કર્યું અને ઉપસ્થિત મહાનુભાવો અને કાર્યક્રમના દાતાશ્રીઓનું હાથ જોડી એક દિકરીના બાપની જેમ અભિવાદન કરી આભાર માની પ્રથમ દિવસને વિરામ આપ્યો હતો કાર્યક્રમનું સુકાન શોભિતભાઈ દેસાઈએ સંભાળ્યું હતું.







**દ્વિતીય દિવસ તા. ૨૦ માર્ચ ૨૦૨૩ :** સોમવાર તા. ૨૦મી  માર્ચ ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી સંજયભાઈ તન્નાએ આફ્રિકાનાં બીઝનેસમેન શ્રી ચેતનભાઈ ચગ, શ્રી મયુરભાઈ માધવાણી, શ્રી સુધીરભાઈ રૂપારેલીયા, શ્રી મહેન્દ્રભાઈ મહેતા, ડૉ. સંજયભાઈ ઠકરારને મંચ પર આમંત્રિત કર્યા હતા. દરેકે દરેક ઉદ્યોગ સાહસિકોએ પોતપોતાનો પરિચય આપ્યો હતો અને કેવી રીતે સર્વે એ પોતાના જીવનની શરૂઆત કરી, ક્યારે તેઓએ અથવા તેમના વડીલોએ ભારત છોડયું, કેવી રીતે અહીં આફ્રિકામાં સેટ થયા તેનો પૂરો પરિચય સુંદર રીતે આપ્યો અને તેમની બિઝનેસ યાત્રાનો પણ પરિચય કરાવ્યો હતો. સાથે સાથે સ્લાઈડ દ્વારા તેઓ સર્વેની યાત્રા સક્રીન પર પણ દેખાડવામાં આવી રહી હતી. સવાલ જવાબનો દોર પણ એમની સાથે કરાયો હતો જેમના તેઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા. મહાપરિષદ ના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તથા ટીમે વડીલ શ્રી મહેન્દ્રભાઈ મહેતાને શાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કરી નવાજ્યા હતા અને ઉપસ્થિત સર્વે રઘુવંશીઓએ તેમને સ્ટેન્ડિંગ ઓવેસન આપ્યું હતું.









વાતાવરણ તો જાણે એવું લાગી રહ્યું હતું કે લોહાણા સમાજનું સમુદ્રમંથન થઈ રહ્યું છે અને તેમાંથી ઉપસ્થિત સર્વે રઘુવંશીઓ જેટલો રસ પીવાય તેટલો રસ પી રહ્યા હતા. ત્યારબાદ શ્રી વિજયભાઈ કારિયાએ સભાને સંબોધિત કરી અને કાર્યક્રમમાં ઉપસ્થિત અનેક મહાનુભાવો – શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, શ્રી જીતુભાઈ ઠક્કર, ડૉ. લોર્ડ ડોલર પોપટ, શ્રી વિપિનભાઈ મિથિયા, શ્રી પ્રવીણભાઈ કોટક, શ્રી  મહેન્દ્રભાઈ ધેલાણી, શ્રી













રશ્મિભાઈ ચતવાણી, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી સમીરભાઈ સોમૈયા, શ્રી યોગેશભાઈ માણેક, શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી વિરેનભાઈ વિરાણી, શ્રી સુરેશભાઈ ઠકરાર, શ્રી પ્રદિપભાઈ ધામેચા, શ્રી વિમલભાઈ કંટારીયા, શ્રી કેતનભાઈ કોટેચા, શ્રી કિશનભાઈ મીરાણી, શ્રી કિશોરભાઈ જોબનપુત્રા તથા મંચ પર હાજર શ્રી ચેતનભાઈ ચગ, શ્રી મયુરભાઈ માધવાણી, શ્રી સુધીરભાઈ રૂપારેલીયા, શ્રી મહેન્દ્રભાઈ મહેતા, ડૉ. સંજયભાઈ ઠકરાર વગેરે  કેતનભાઈ કોટેચા, શ્રી કિશનભાઈ મીરાણી, શ્રી કિશોરભાઈ જોબનપુત્રા તથા મંચ પર હાજર શ્રી ચેતનભાઈ ચગ, શ્રી મયુરભાઈ માધવાણી, શ્રી સુધીરભાઈ રૂપારેલીયા, શ્રી મહેન્દ્રભાઈ મહેતા, ડૉ. સંજયભાઈ ઠકરાર વગેરે  અનેક મહાનુભવો ને આમંત્રિત કર્યા હતા અને તે સમયે બ્રહ્માવિહારી સ્વામીજી પણ હાજર રહ્યા હતા. દરેકને એક ફ્રેમ અર્પણ કરવામાં આવી હતી જેમાં આપણા રઘુવંશી સમાજ પ્રત્યેની આપણી ફરજ રૂપે ઓથ (કસમ) હતી તેનું વાંચન શ્રી સુભાષભાઈ ઠકરારે કર્યું હતું અને મંચ પર ઉપસ્થિત સર્વે તથા બાકીના દરેકે દરેક રઘુવંશીઓએ પોતાનો જમણો હાથ આગળ ધરી ઓથ લીધી હતી. સ્વામીશ્રી બ્રહ્મવિહારીજીએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, 'કોઈપણ એક સમાજ તેની **Value** થી ઓળખાય છે. અને આ **Value** વપરાય તો જ તેની મહાનતા છે.' ત્યારબાદ આફ્રિકાના ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટીના ચેરમેન **Mr. Morrison  Rwakakamba** એ સભાને સંબોધિત કરી હતી અને આફ્રિકામાં ઈન્વેસ્ટમેન્ટ કરવાના અનેક માર્ગો, તેના ફાયદાઓ અને તેના વિશેની કાયદાકીય કાર્યવાહી વિશેનું માર્ગદર્શન પૂરું પાડયું હતું. સાંજે લગભગ ૪.૩૦ કલાકે ૧૨૦ જેટલા રઘુવંશીઓએ રાખેલા વિવિધ સ્ટોલનું ઈનોગ્રેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મિસ્ટર ગિલબટ કામુન્ડુ, ડૉ. લોર્ડ ડોલર પોપટ, શ્રી સુભાષભાઈ ઠક્કર વગેરેએ સભાને સંબોધી હતી અને જણાવ્યું હતું કે, 'આફ્રિકા શા માટે એક સુંદર સ્થળ છે, આફ્રિકા પહેલા શું હતું અને હવે શું છે, આફ્રિકા એક સુંદર ભવિષ્ય છે, ઉપરાંત ત્યાંના બિઝનેસ-મિનરલ્સ, ખેતી, ગૃહ ઉદ્યોગ, રીયલ એસ્ટેટ, ગોલ્ડ સેકટર, ફર્ટિલાઈઝર, સોલ્ટ, એડિબલ ઓઈલ એવા અનેક બિઝનેસની તકો છે તેની પણ વિસ્તૃત જાણકારી






આપી હતી.' ત્યારબાદ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તથા ઉપસ્થિત અનેક મહાનુભવોએ જણાવ્યું હતું કે આપણા રઘુવંશી આગળ આવે તે માટે પગલાં લેવા જોઈએ, યુવાનોને સ્પોર્ટસ અને પૈસા જોડી રાખશે તે માટેની પ્રવૃત્તિઓ કરી યુવાનોને એકબીજા સાથે જોડવા જેથી લગ્ન સંસ્થા પણ જળવાઈ રહે, સોશિયલ મીડિયાથી જોડાવવુ, આપણી પાસે હાથ ઝાલવાવાળા અનેક છે પણ કોનો હાથ ઝાલવો તે શોધવાનું છે, મહિલાના ગૃહ ઉદ્યોગને કેવી રીતે આગળ ધપાવવા વગેરે વગેરે અનેક વિષયોની ચર્ચા કરી હતી. આ ઉપરાંત સતત એકબીજાને મળતા રહેવું જોઈએ આપણા સંસ્કારોને પણ સાચવવા જરૂરી છે. શ્લોક ચેન્ટિંગ, હનુમાન ચાલીસા, જયશ્રી કૃષ્ણ જેવા સંસ્કારો સાચવવા જરૂરી છે, ન્યુઝ બુલેટિન બહાર પાડવું જોઈએ, એવોર્ડ નાઈટ ઓર્ગેનાઈઝ કરવી જોઈએ, વિવિધ મહાજનોને ચલાવવા માટે ડિઝાઈન કરવી જોઈએ, રઘુવંશી ક્રેડિટ બેંક બનાવવી જોઈએ જેથી આપણા ભાઈઓને મદદ થાય, ધાર્મિક કાર્યક્રમો યોજવા જોઈએ, રઘુવંશી ગર્વદિન નિમિત્તે રામ નવમીનો દિવસ ઉજવવો જોઈએ વગેરે વગેરે અનેક પ્રસ્તાવો ઉપસ્થિત મહાનુભવો તરફથી પણ મળ્યા હતા. મહાપરિષદના પૂર્વ પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટકે વિદેશની ધરતી પર ઈન્ટરનેશનલી કાર્યક્રમ થયો









તેને બિરદાવતા જણાવ્યું હતું કે, 'સેવા, સમર્પણ, સંગઠન, શિક્ષણ, હેલ્થની સાથે સાથે LIBF પણ શરૂ થયું તેનું ગૌરવ છે.' એજ રીતે મહાપરિષદના વરીષ્ઠ ઉપપ્રમુખશ્રીઓ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર અને શ્રી ધર્મેશભાઈ હરીયાણી એ પણ પોતાના વિચારો રજુ કરી LIBF ની પહેલને બિરદાવી હતી. ત્યારબાદ આફ્રિકન એકાઉન્ટ મિનિસ્ટર **Hon. Evelyn Anite** સભાને સંબોધિત કરી આફ્રિકામાં વેપારની અનેક તકો, તેમાં આફ્રિકન ગવરમેન્ટનો સાથ વગેરેની વિસ્તૃત માહિતી આપી હતી. શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી તથા શ્રી સુધીરભાઈ રૂપારેલીયાએ તેમને શાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ત્યારબાદ અનેક ઉપસ્થિત વેપારીઓએ પોતાના વેપારની ટૂંકમાં સચોટ માહિતી આપી હતી કે જેથી તેઓ એકબીજા સાથે સરળતાથી મળી અને અભિવાદન (Meet and Greet) કરી શકે આ માટે ખાસ બીજા દિવસના અંતે રાત્રિ જમણ વખતે તથા ત્રીજા દિવસના બપોરના જમણ સમયે એક સરખા વેપારમાં સંકળાયેલ વ્યાપારીઓ માટે જમવા માટે સાથે બેસી શકે અને 'ખાનેપે ચર્ચા' કરી શકે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી અને બીજા દિવસને વિરામ અપાયો હતો.

**તૃતીય દિવસ તા. ૨૧-૩-૨૦૨૩ :** ત્રીજા દિવસની સવારે ૯.૩૦ કલાકે શ્રી શોભિતભાઈ દેસાઈ એ સૂત્રધાર ના કર્તવ્યને સંભાળ્યું હતું. **Mr. Gilead John Teri, Mr. Charles Jackson Itembe,** શ્રી યોગેશભાઈ માણેક, **Mr. John Bosco Kalisa,** શ્રી જસવીનદર બેદી વગેરેને સ્ટેજ પર આમંત્રિત કર્યા હતા અને તેમણે સર્વેએ ઈન્વેસ્ટમેન્ટની તકો આફ્રિકામાં શું છે, ઈન્વેસ્ટમેન્ટ કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા, પોલિટિક્સને બિલકુલ અવકાશ ના આપવો, આફ્રિકા અંધારામાંથી બહાર આવી રહ્યું છે પુષ્કળ તકો છે જરૂરથી આગળ






વધો ઈન્વેસ્ટમેન્ટ કરો પસ્તાવવાનો સમય બિલકુલ નહીં આવે તેવી બાહેધરી આપી હતી. વાતાવરણ જાણે એવું લાગી રહ્યું હતું કે રઘુવંશીઓ ની જન્મદાત્રી માતા (ભારત) અને વર્ષોથી આફ્રિકામાં સ્થાયી થયેલ રઘુવંશીઓની પાલક માતા (આફ્રિકા) સુંદર રીતે જોડાયા છે. દેવકીમાં અને યશોદા માતાનો મેળાપ થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું હતું. ત્યારબાદ મહિલા શક્તિનું પ્રદર્શન થયું હતું. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના અધ્યક્ષ તથા ટ્રસ્ટી શ્રીમતી રશ્મીબેન વિઠલાણી, સોનલબેન સેજપાલ, સુનયનાબેન વોરા, અંજલીબેન ઠક્કર, અરુણાબેન મશરૂ, જયોત્સનાબેન રૂપારેલીયા વગેરેએ આફ્રિકન સિંહણોનો પરિચય આપી પોત પોતાના કાર્ય ક્ષેત્રની વિસ્તૃત સમજણ આપી રઘુવંશી ક્ષત્રીયાણીઓનો પરિચય કરાવ્યો હતો. બપોરના જમણ પછીના બીજા સત્રમાં **Mr. Denish Katare** અને શ્રી સમીરભાઈ સોમૈયાએ એગ્રીકલ્ચરના વ્યવસાય ને લગતી બાબતોની પૂરતી સમજણ આપી હતી અને કોઈને પણ કંઈ પ્રશ્ન હોય તો તેના સંતોષ પૂર્વક જવાબો પણ આપ્યા હતા. ત્યાર બાદ **Mr. Odrek Rwabwogo, Mr. Mehta,** શ્રી મોહનભાઈ રાવ, શ્રી સંદીપભાઈ ઠક્કર, અવનીબેન નથવાણી, શ્રી બિજોયભાઈ વગેરેએ મંચ પર સ્થાન ગ્રહણ કરી અને પોતાના વ્યવસાયની વિસ્તૃત જાણકારી આપી હતી. વુમન એમ્પાવરમેન્ટ વર્ક લાઈફ બેલેન્સની ખાસ બેઠકમાં શ્રીમતી મીનાબેન ખગ્રામ, વૈશાલીબેન પારેખ, દર્શનાબેન કોટેચા, સ્નેહાબેન ચગ, શિલ્પાબેન કારિયા, ડૉ. ક્રિપાલીબેન વસાણી, નીતાબેન ઠકરાર વગેરેએ પોતાના કાર્ય ક્ષેત્રની વિગતવાર માહિતી આપી મહિલાઓને આગળ વધવાનો જોશ અને સ્ત્રી શક્તિનો પરિચય આપતા સાર્થક કર્યું હતું કે,

**'મંઝીલ ઉન્હી કો મિલતી હૈ;**
**જિનકે સપનો મે જાન હોતી હૈ;**
**પંખ સે કુછ નહિ હોતા;**
**હૌસલો સે ઉડાન હોતી હૈ.**









જીતુભાઈ ઠક્કર, શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી તુષારભાઈ મશરૂ, શ્રી મિતુલભાઈ જોબનપુત્રા વગેરેએ કરી હતી અને સુઝાવોને પણ આવકાર્યા હતા.

તે જ સમયે એક તરફ બીજા હોલમાં શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણી અને **Hon. Evelyn Anite** એ મહિલા સેશનની બેઠકમાં એકબીજાની સાથે વુમન એમ્પાવરમેન્ટની શક્તિનો પરિચય કર્યા પછી આપણા યુવાનો મીતભાઈ વિઠ્ઠલાણી, પ્રથમભાઈ કારિયા, સાગરભાઈ પોપટ, સ્નેહાબેન ચગ, અંજલીબેન ઠકરાર, શ્યામભાઈ કોટેચા, ચિંતનભાઈ વસાણી, આકાશભાઈ અઢિયા વગેરેએ તેઓ શા માટે વ્યવસાયમાં જોડાયા, તેમની વ્યવસાયમાં જોડાયા તે વખતે શું અપેક્ષાઓ હતી, **LIBF** ના આ ત્રણ દિવસમાં તેમને કયો પાર્ટ વધારે રસપ્રદ લાગ્યો, યુવાનોને કેવી રીતે જોડવા, બિઝનેસ માટે શું કરવું જોઈએ, કેવી રીતે બિઝનેસમાં વધુને વધુ મદદરૂપ થવાય તે માટેના સૂચનો પણ ઉપસ્થિત મહાનુભાવો પાસેથી જાણવાની તૈયારી દાખવી અને યુવા શક્તિનો પરિચય કરાવ્યો હતો. આફ્રિકા અને ઈન્ડિયા કઈ રીતે ઈન્ફ્રાસ્ટ્રકચરની અંદર પ્રગતિ કરી શકે,





એન્વાયરમેન્ટને કેવી રીતે સંભાળવું અને લોહાણા મહાપરિષદ તેમાં કઈ રીતે કાર્ય કરી શકે વગેરે બાબતોની વિગતવાર ચર્ચાઓ શ્રી  પરિચયનો દોર શરૂ કર્યો જેથી આગળ બધા એકબીજા સાથે કનેક્ટ થઈ શકે. સ્ત્રીઓ આ દેશમાં શું શું કરી શકે તે માટેની પૂર્તિ સમજણ આપતા **Hon. Evelyn Anite** એ પોતાના જન્મ, બાળપણ, કઈ ઉંમરે કામ કરવાનું શરૂ કર્યું, પોતાના પરિવારની તે વખતની સ્થિતિ વગેરેની વિસ્તારથી વાત કરી અને માત્ર ૨૭ વર્ષની નાની વયમાં યુવા પ્રેસિડેન્ટના પદ પર પોતે કેટલી કઠણાઈઓનો સામનો કરી પહોંચ્યા તેની સુંદર રજૂઆત કરી હતી અને વધુમાં જણાવ્યું હતું કે લગભગ આફ્રિકામા ૧૨૭ ફેક્ટરીઓ છે અને એકબીજાનો હાથ પકડીને ફકત આગળ વધવાનું છે. સ્ત્રી જો એક વખત મનમાં નક્કી કરે તો કંઈ પણ કરી શકે છે એવી ઉત્સાહપૂર્વક વાતો કરી અને મહિલાઓનો જોશ અને ઉત્સાહ વધારી રઘુવંશી ગુજરાતીઓનો ઉત્સાહ વધારતા ગરબા પણ કર્યા હતા. **LIBF** ના ત્રીજા દિવસે રાત્રિ જમણ વખતે અને ચતુર્થ દિવસના બપોરના જમણ વખતે કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે માટે એક ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં **Top Entrepreneur** શ્રી યોગેશભાઈ માણેક, શ્રી ચેતનભાઈ ચગ, શ્રી હરિશભાઈ ભૂપતાણી, શ્રી કેતનભાઈ મોરજરીયા, શ્રી દિપકભાઈ ગઢિયા, શ્રી સમીરભાઈ સોમૈયા, શ્રી વિજયભાઈ કારિયા, શ્રી સંજયભાઈ ઠકરાર, શ્રી વિજયભાઈ દાવડા, શ્રી મિતુલભાઈ જોબનપુત્રા, શ્રીમતી જયોત્સનાબેન રૂપારેલીયા ને ખાસ ટેબલો એનાયત કરવામાં આવ્યા હતા અને જે વ્યવસાયિકોને ખાસ ટેબલ પર બિરાજમાન મહાનુભાવો સાથે બેઠક કરી જે કંઈ પણ ચર્ચા કરવી હોય, જાણકારી પ્રાપ્ત કરવી હોય તે કરી શકે તેવી સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

**ચતુર્થ દિવસ તા. ૨૨-૩-૨૦૨૩ :** ચતુર્થ દિવસની સવારે શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી રાજભાઈ ઠક્કર, મીનાક્ષીબેન બાટવીયા, દર્શનાબેન કોટેચા, શ્રી ચિરાગભાઈ કોટેચા, નિશીબેન ઠક્કર, શ્રી સંદિપભાઈ અને દિપ્તીબેન કોટક વગેરે એ વારસા વીલ બનાવવું શા માટે જરૂરી છે, કયા સમયે બનાવવું, કેવી રીતે બનાવવું વગેરેની સુંદર સમજણ સવાલ જવાબ સાથે આપી હતી અને વધુમાં જણાવ્યું હતું કે જ્ઞાતિના

સંગઠનો ને એક સમયે પંચ પરમેશ્વર માટે માન હતું તો પરિવારમાં કોઈપણ વિખવાદ કે ગેરસમજ ઉભી થાય તો નિવેડો લાવી શકાતો હતો આજે આપણે ઈન્ટરનેશનલ લેવલ પર છીએ તો એ શક્ય નથી. આજે અહીં આટલા પ્રોફેશનલ લોકો ભેગા થયા છે તો એક સાથે ભેગા મળીને આવા પ્રશ્નો જો ભવિષ્ય માં ઉપસ્થિત થાય તો ફળદાયી નિવેડો લાવી શકાય તેવા સૂચનો માટે અપીલ કરી હતી. **LIBF** ને પણ એ માટે એક પેનલ બનાવવાની વિનંતી કરી હતી. રઘુવંશી સમાજના લોકો એકાઉન્ટ અને કાયદાઓની સમજણ માટે સમાજને શું યોગદાન આપી શકે તે જાણવું જરૂરી છે તેમ સૂચવ્યું હતું. બપોરના લગભગ ૧૨.૩૦ કલાકના સુમારે યુગાન્ડાના **President Hon. HE Yoweri Museveni** કોવિડના પ્રોટોકોલ ને ધ્યાન માં રાખીને પ્રાંગણમાં પધારેલ હતા. તેમની સાથે Hon. Evelyn Anite પણ સુંદર ભારતીય પંજાબી પોશાકમાં પધાર્યા હતા. પ્રેસિડેન્ટને પ્રાંગણમાં ઉપસ્થિત સર્વેએ ઉભા થઈ તાળીઓના ગડગડાટ સાથે ઉમળકાભેર આવકાર આપ્યો હતો. ત્યારબાદ આફ્રિકન નેશનલ એન્થમ તથા રઘુવંશી ધ્વજ ગીતનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્લાણી કે જેમણે મહાપરિષદના ઈતિહાસમાં એક અલગ અધ્યાય ની શરૂઆત કરી હતી તેમણે આફ્રિકન ભાષામાં પ્રેસિડેન્ટને આવકાર્યા અને જયશ્રી કૃષ્ણના ઉદગાર સાથે રિસોર્ટ ને ગજાવ્યો હતો. મહાપરિષદનું મુખ્ય ધ્યેય ‘સંનિષ્ઠા, સંગઠન અને સેવા દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરવી’ના સંદેશ ને પણ વાચા આપી હતી અને આજના આ **LIBF** ના કાર્યક્રમ માં પોતાના અતિ વ્યસ્ત સમયપત્રક માંથી સમય કાઢી રઘુવંશી લોહાણાઓનો ઉત્સાહ વધારયો તે માટે પોતાના તરફથી તથા પ્રાંગણમાં ઉપસ્થિત સર્વે લોહાણાઓ તરફથી ખરા હૃદયથી આભાર માન્યો હતો. ત્યારબાદ શ્રી સુધીરભાઈ રૂપારેલીયા, લેડી મિનિસ્ટર **Hon. Evelyn Anitè** એ મિનિસ્ટરને સંબોધિત કર્યા હતા અને આજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા તે માટે ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. પ્રેસિડેન્ટે પોતાના વ્યક્તવ્યમાં ખૂબ જ ઉત્સાહથી લોહાણાઓનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ‘તે ઓ ખૂબ જ ખુશ છે લોહાણા ને વેલકમ કરીને. ભારતીય સ્ત્રીઓની વાકચાતુર્યનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. એશિયન લોકો સાથે તેમનો સંવેદનશીલ સંબંધ છે ઘણા વર્ષોથી લોહાણાઓ અહીં રહે



છે જે અમારા જ છે અને આજે વિશ્વના અલગ અલગ દેશોમાંથી લોહાણાઓને આમંત્રણ આપ્યું છે તો આપ સર્વે પણ અમારા જ છો તેમ જણાવી પોતાપણું દર્શાવ્યું હતું.' આ ઉપરાંત આફ્રિકાના અનેક વ્યવસાય કોફી, ટેક્સ્ટાઈલમાં કોટનના ઉત્પાદન–વણાટ–ડાયિંગ વગેરે, કોટનની બાય પ્રોટકટ ગન પાઉડર, ઘઉં (ગ્લુટેન), બનાના ગ્લુટેન ફ્રી લોટ, સ્ટીલ ઈન્ડસ્ટ્રી, કાચો માલ નું લિસ્ટ લાંબુ છે પરંતુ સરળતાથી ઉપલબ્ધ ઉપરાંત ફ્રુટસ, ઓઈલ સીડસ, કોપર, કોબાલ્ટ, ગોલ્ડ, સોલ્ટ, નિકોલ્ટ, લિથિયમ, ઈલેક્ટ્રિસિટી, ઈલેક્ટ્રીક બેટરી, રબર, ઓટોમોબાઈલ વગેરે અનેક તકો ક્ષેત્રફળમાં મોટા દેશ એવા આફ્રિકામાં છે તેમ જણાવતા મહાપરિષદના **LIBF** કાર્યક્રમાં હાજર રહી મહાપરિષદના ઈતિહાસમાં એક વધુ કલગીનો ઉમેરો કર્યો હતો. ત્યારબાદ મહાપરિષદ તરફથી મિનિસ્ટરને મહાપરિષદની ઓળખ સમી શાલ ઓઢાડી મોમેન્ટો અર્પણ કરી અને હિન્દુ ધર્મમાં સમૃદ્ધિના પ્રતિક સમા, ગણેશના સ્વરૂપ સમાન, વેપારમાં પ્રગતિ કરાવનાર એવા હાથીની પ્રતિમા ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

ત્યારબાદ પ્રમુખશ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીએ **LIBF** ના અનેક દાતાઓનો હૃદયપૂર્વક આભાર માની તેમને મોમેન્ટો અર્પણ કર્યા હતા અને મહાપરિષદની શાલ ઓઢાડી શ્રી સંજયભાઈ ઠકકર, શ્રી જીતુભાઈ રૂપારેલીયા, શ્રી સુનિલભાઈ અમલાણી, શ્રી રવિભાઈ પંચમતીયા, શ્રી રાજભાઈ સાકરીયા, શ્રી મીતભાઈ પાબારી, શ્રી સાવંતભાઈ કોટેચા, શ્રી પરાગભાઈ ગઢિયા, શ્રી હિરેનભાઈ, શ્રી આકાશભાઈ અઢિયા, શ્રી નિલેશભાઈ – શ્રી નમેશભાઈ દત્તાણી, શ્રી અલ્પેશભાઈ ઠકકર – શ્રી રાજભાઈ ઠકકર, શ્રી દેવાંગભાઈ કોટક, શ્રી પાર્થભાઈ તન્ના – દત્તાણીભાઈ, શ્રી વિનયભાઈ દાવડા, શ્રી સુનિલભાઈ, શ્રી બાલકૃષ્ણભાઈ રાવલ, શ્રી વૈભવભાઈ બુદ્ધદેવ, શ્રી સુભાષભાઈ ઠકરાર – શ્રીમતી રેખાબેન ઠકરાર, શ્રી વિજયભાઈ કારીયા – શ્રીમતી શિલ્પાબેન કારિયા, શ્રી સુધીરભાઈ રૂપારેલીયા – શ્રીમતી જયોત્સનાબેન રૂપારેલીયા, શ્રી ભરતભાઈ ઠકકર, વગેરે અનેક ને સાથે સાથે મોમેન્ટો આપી અને ખરા હૃદયથી ઉત્સાહપૂર્વક આભાર માન્યો હતો. સમસ્ત ઉપસ્થિત રઘુવંશીઓએ તાળીઓના ગડગડાટથી આફ્રિકા યુગાન્ડા સ્થિત **Speke Resort** ને ગજાવ્યો હતો.

સમગ્ર રીતે **LIBF** સમિટ લોહાણા મહાપરિષદના ઈતિહાસમાં એક યાદગાર અને અનુપંમ અધ્યાયની શરૂઆત થઈ છે જે લોહાણા જ્ઞાતિના ઉત્કર્ષમાં આવનારા સમયમાં એક અનન્ય પ્રકલ્પ બની રહેશે.



# LOHANA MORAL CODE

શ્રી લોહાણા મહાપરિષદ

સંનિષ્ઠા - સંગઠન - સેવા દ્વારા સિદ્ધિ

## The Lohana Moral Code of Conduct

**I solemnly Pledge as a Lohana**

- I am proud to be a Lohana- a part of the Raghuvanshis. I have the original characteristics of the warrior class which means that I will be a leader in my field of activity, I will care for all those who are in my influence and I will do everything possible to give back to society by way of philanthropy. I will uphold all these values.
- I will deal with all beings, especially any other Lohana with dignity and respect and extend all help to those who approach me to the best of my abilities and in a fair and caring manner.
- If a Lohana asks me for guidance, I will be fair, faithful and provide correct guidance.
- In my business, profession or service, I will maintain integrity and honesty and I will not do anything that can harm a fellow Lohana.
- In business, profession or service I will treat another Lohana like a family member and as my best customer or supplier.
- I am an Ambassador of my Lohana community and will do nothing in my acts to bring disrepute to my community.
- I have a duty & responsibility to care and support those who are suffering from poverty, ill health and pain.
- When I give to someone from my wealth, I recognize that my wealth is a gift from God to me.

**હું લોહાણા તરીકે પ્રતિજ્ઞા લઉં છું**

- એક રઘુવંશી લોહાણા હોવાનું મને ગૌરવ છે, રઘુવંશ તરીકે સમસ્ત વંશ જેના કારણે ઓળખાય છે, તે મહારાજા રઘુ જેવા યોદ્ધા અને દાનવીર ના ગુણો હું મારા માં વિકસાવવા ના પ્રયત્નો કરીશ, હું મારા સંપર્કમાં આવનાર હરેક લોહાણા પરિવારને સહાયરૂપ થવા માટે પ્રયત્ન કરીશ અને સમાજને મારું ઋણ ચૂકવવા નો સંનિષ્ઠ પ્રયાસ કરીશ.
- હું બધા વ્યક્તિઓ સાથે, ખાસ કરીને બધા લોહાણા ભાઈબહેનો સાથે ગૌરવ અને આદર પૂર્વક વ્યવહાર કરીશ અને લોહાણા સમાજ ના કોઈપણ ભાઈ-બહેન મારો સંપર્ક કરશે તો હું તેમને મારાથી બનતી બધી મદદ કરવાનો પ્રયત્ન કરીશ.
- કોઈ પણ લોહાણા સમાજ ના ભાઈ-બહેન મારી પાસે કોઈ પણ પ્રકાર નુ માર્ગદર્શન માંગશે તો હું પ્રમાણિકપણે તેમને યોગ્ય માર્ગદર્શન આપીશ.
- મારા ધંધા, વ્યવસાય કે સેવામાં હું પ્રામાણિકતા જાળવીશ અને લોહાણા સાથીદારને નુકસાન થાય તેવું કંઈપણ હું કરીશ નહીં.
- ધંધામાં હું મારા હરીફ લોહાણા જ્ઞાતિજન ને મારા પરિવારના એક સભ્ય તરીકે માનીશ અને તે પ્રમાણે તેનું માન જાળવીશ તથા લોહાણા સમાજ ના લોકોને મારા શ્રેષ્ઠ ગ્રાહક અને સપ્લાયર તરીકે નો વ્યાવહાર કરીશ.
- હું લોહાણા સમાજ નો એક પ્રતિનિધિ છું અને મારા કોઈ પણ પ્રકારના વ્યવહારથી સમાજને નીચે જોવું પડે તેવું કોઈ પણ કાર્ય કરીશ નહીં.
- ગરીબી, નાદુરસ્ત સ્વાસ્થ્ય અને પીડાથી પીડિત લોકોની સંભાળ અને સમર્થન કરવાની મારી ફરજ અને જવાબદારી છે.
- જ્યારે હું મારી સંપત્તિમાંથી કોઈને આપું છું, ત્યારે હું જાણું છું કે મારી સંપત્તિ મને ભગવાન તરફથી ભેટ છે.

| | | |
|---|---|---|
| **Satish D. Vithalani**<br>President & Managing Trustee<br>Shree Lohana Mahaparishad | **Subhash V. Thakrar**<br>Convener<br>Lohana International Business Forum | **Vijay Karia**<br>Chairman<br>Business Develpoment Committee |

**LIBF 2023 AFRICA CALLING માં BAPS સ્વામિનારાયણ મંદિરના સંત શ્રી બ્રહ્મવિહારીદાસ સ્વામીજી ની હાજરીમા પ્રત્યેક લોહાણા ડેલિગેટ એ લીધેલ પ્રતિજ્ઞા (મોરલ કોડ) ની ફ્રેમ શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ મુલુંડ ઓફિસમાં રૂ. ૨૦૦/- ના દરે ઉપલબ્ધ છે. સંપર્ક : +91 79779 58330**

# શ્રી હાલાઈ લોહાણા મહાજન દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીનું શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ખાતે સન્માન



શ્રી શ્રી રવિશંકર ટ્રસ્ટ ના અધ્યક્ષ પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના નિર્દેશ મુજબ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ-ટ્રસ્ટી, શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ ના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણીનું તેમની યશ કલગીમાં એક વધું પીંછું ઉમેરતી પ્રતિષ્ઠિત સંસ્થા VVMVP (વેદ વિજ્ઞાન મહા વિદ્યાપીઠ) ટ્રસ્ટના બોર્ડ ઓફ ટ્રસ્ટીમાં સતિષભાઈ વિઠ્ઠલાણીને સામેલ કરવામાં આવતા શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈ મેનેજિંગ ટ્રસ્ટી ડો. સુરેશ પોપટ, શ્રી લોહાણા મહાપરિષદના જોઈન્ટ સેક્રેટરી શ્રી નિખીલભાઈ સુબા તથા એડવોકેટ શ્રી શ્યામ નથવાણી ના હસ્તે શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.



# મુંબઈ માં ''ભારત આફ્રિકા વ્યવસાયની અનેક તકો'' પરિસંવાદ યોજાયો




માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ સતિષભાઈ વિઠ્ઠલાણીના નેતૃત્વ માં યોજાયેલ લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ (LIBF) અંતર્ગત આફ્રિકા યુગાન્ડા થી ખાસ મળો અને અભિવાદન કરો (Meet and Greet) માટે પધારેલ બિઝનેસમેન શ્રી ચેતનભાઈ ચગ તથા ટીમ, મુંબઈથી પધારેલ શ્રી અતુલભાઈ ચોટાઈ, કોંગોથી શ્રી પરેશભાઈ કક્કડના સ્વાગત માટે શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ, પાલીરામ રોડ, અંધેરી વેસ્ટ ખાતે તા. ૧૨-૦૪-૨૦૨૩ના રોજ સાંજે ૭.૦૦ કલાકે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુંબઈના લગભગ ૩૦ થી ૩૫ વ્યવસાયિકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો હેતુ જે વ્યવસાયિકોને આફ્રિકા સાથે વ્યવસાય કરવો હોય તેમને પૂરતું માર્ગદર્શન આપવાનો હતો.



કાર્યક્રમની શરૂઆત ગણપતિ વંદના તથા રઘુવંશી ધ્વજ વંદન ગીત થી કરવામાં આવી હતી. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટી તથા લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણીએ ચેતનભાઈ ચગનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. શ્રી અજયભાઈ પોપટ, શ્રી સુરેશભાઈ પોપટ, શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી અજીતભાઈ ઠક્કરે શ્રી અતુલભાઈ ચોટાઈને શાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કર્યું હતું. શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી નિખિલભાઈ સુબાએ શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પણ કરી શ્રી પરેશભાઈ કક્કડનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી અજયભાઈ પોપટ અને શ્રી પ્રકાશભાઈ મગદાણીએ સંભાળ્યું હતું તથા કાર્યક્રમના સૂત્રધાર શ્રીમતી મીનાબેન મગદાણી રહ્યા હતા. શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણીએ LIBF આફ્રિકા કોલિંગ મીટ એન્ડ ગ્રીટ ની વાત રજૂ કરી અને જણાવ્યું હતું કે, આજે પણ શ્રી ચેતનભાઈ તેના અનુસંધાને આપણી સાથે છે તો જે પણ વ્યવસાયિકોને આફ્રિકા સાથે વ્યવસાય કરવો હોય, માર્ગદર્શન જોઈતું હોય તેમને પૂરતી માહિતી અને માર્ગદર્શન ચેતનભાઈ પાસેથી મળશે. શ્રી અજયભાઈ પોપટે શ્રી અતુલભાઈ ચગનો પરિચય આપ્યો હતો ત્યારબાદ શ્રી અતુલભાઈ ચગની વ્યવસાય યાત્રા નો વિડિયો સ્ક્રીન પર દેખાડવામાં આવ્યો હતો. આફ્રિકા યુગાન્ડા થી પધારેલ બિઝનેસમેન શ્રી ચેતનભાઈ ચગ, મુંબઈ કાંદિવલી માં એક્સપોર્ટ હાઉસ ધરાવતા શ્રી અતુલભાઈ ચોટાઈ, કોંગોથી પધારેલા શ્રી પરેશભાઈ કક્કડ આ ત્રણે રઘુવંશી બંધુઓએ પોતાના વક્તવ્યમાં ઉપસ્થિત વ્યવસાયિકોને જોઈતું માર્ગદર્શન







પૂરું પાડવાની બાહેધરી આપી હતી અને સાથે સાથે ઉપસ્થિત વ્યવસાયિકોએ પોતાના વ્યવસાયની વિગતો આપી તેમને ખૂબ જ શાંતિથી સાંભળી અને જેમને પણ તેમને રૂબરૂ મળવું હોય તેમને પૂરતો સમય ફાળવ્યો હતો. કાર્યક્રમના સંચાલક શ્રી પ્રકાશભાઈ મગદાણીએ આભાર વિધિનો ભાર ઉપાડી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારનાર શ્રી ચેતનભાઈ ચગ, શ્રી અતુલભાઈ ચોટાઈ, શ્રીમતી રશ્મીબેન વિઠ્ઠલાણી, શ્રી પરેશભાઈ કક્કડ, ડૉ. સુરેશભાઈ પોપટ, શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી અજીતભાઈ ઠકકર, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી જતીનભાઈ પોપટ, શ્રી નિખિલભાઈ સુબા તથા ઉપસ્થિત સર્વે વ્યવસાયિકોનો તથા રાત્રિ જમણની પોતાના તરફથી વ્યવસ્થા કરવા માટે શ્રી અજયભાઈ પોપટનો ખરા હ્રદયથી આભાર માન્યો હતો.








# શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિની પ્રવૃતિઓ

## શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ - મધ્યભારત ઝોન ૧૧






અતિ હર્ષ સાથે જણાવાનું કે જલારામબાપાની કૃપાથી તા. ૦૪-૦૩-૨૩ ના રોજ **"Informative Banking Webinar"** નો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો. સૌ પ્રથમ શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મધ્યભારતના ઝોનલ સેક્રેટરી શ્રીમતી સ્વાતિબેન મજીઠીયા એ બધાનું સ્વાગત કર્યું. કાર્યક્રમની શરૂઆત ધ્વજગીતથી કરવામાં આવી. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા અધ્યક્ષા શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીનું સ્વાગત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મધ્યભારત ઝોનના અધ્યક્ષા શ્રીમતી મીનાબેન ગણાત્રા અને સીમાબેને કર્યું. શ્રીમતી રશ્મિબેન વિઠ્ઠલાણીએ ખુબજ પ્રેરણાત્મક સ્પીચ અને આર્શીવાદ પાઠવ્યા. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મધ્યભારતના ઝોનલ અધ્યક્ષા શ્રીમતી પ્રગતિબેન મીરાણીનું સ્વાગત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મધ્યભારત ઝોનના સ્પોર્ટસ કમિટી અધ્યક્ષા શ્રીમતી અમીબેન ઠક્કર દ્વારા કરવામાં આવ્યું. પ્રગતિબેન મિરાણીએ ખૂબ જ મોટીવેશનલ સ્પીચ આપી. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મધ્યભારત રિજનના રિજનલ સેક્રેટરી નીતાબેન ઠક્કરે ડૉ. શરદ ખંડેલવાલનું સ્વાગત કર્યું અને પરિચય આપ્યો. શરદભાઈ એ ખૂબજ સરસ રીતે બેન્કિંગ વિષે માહિતી આપી જેમકે કરન્ટ એકાઉન્ટ, સેવિંગ્સ એકાઉન્ટ, ફિક્સ ડિપોઝિટ, કેવી રીતે ચેક ભરવા, ડિજિટલ બેન્કિંગ, પ્રધાન મંત્રી જન યોજના સ્કીમ, સુકન્યા સ્મૃધી યોજના સ્કીમ સમજાવી અને લોન વિષે પણ માહિતી આપી અને પ્રશ્નોતરી રાઉન્ડ પણ સચોટ અને સરળ રીતે જવાબ આપી ને બધાના **Doubts Clear** કર્યા. અંતમાં શ્રીમતી તેજલબેન ઠક્કરે વોટ ઓફ થેન્ક્સ થી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરી. આ કાર્યક્રમનું હોસ્ટિંગ શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મધ્યભારત ઝોન ના સેક્રેટરી શ્રીમતી સ્વાતિબેન મજીઠીયા એ કર્યું. અમે બધાજ હોદ્દેદારો અને પ્રેક્ષકો ના ખૂબ આભારી છીએ જેને આ વેબિનાર માં સાથ સહયોગ આપ્યો.

# શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ દ્વારા
# સૌ પ્રથમ સ્નેહ મિલન જીસીસી ઝોન કતારમાં

શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ ઝોન કતાર દ્વારા સૌ પ્રથમ વખત મહિલાઓ દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો જે સફળતાપૂર્વક સંપન્ન.

શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ જીસીસી ઝોન કતાર દ્વારા તા ૩૧ માર્ચ ૨૦૨૩ શુક્રવારના રોજ સાંજે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે મહારાજા દરબાર રેસ્ટોરન્ટ ખાતે એક સપરિવાર સ્નેહ મિલનનો સૌ પ્રથમવાર મહિલાઓ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ કતાર ઝોન અધ્યક્ષા શ્રીમતી ભાવિજ્ઞાબેન રાજેશભાઈ રાજાણી, શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ કતાર ઝોન મંત્રી શ્રીમતી નિશાબેન શ્યામભાઈ ચગ, શ્રીમતી મેઘનાબેન ધિરેનભાઈ ઠકકરે આવા સુંદર કાર્યની પહેલ કરી હતી જેમાં આનંદથી બહેનોએ પરવિાર સાથે હાજરી આપી હતી. સર્વે એ સાથે મળીને રાત્રિ જમણની લહેજત માણી હતી અને એકબીજા સાથે આનંદની અનુભૂતિ કરી. સ્નેહ સંગઠન અને સમર્પણ નું મહાપરિષદનું ધ્યેય સાર્થક થાય તે માટે ખાસ આવા કાર્યક્રમો નું આયોજન કરવું જોઈએ તેવું નકકી કરી સર્વે છૂટા પડયા હતા.





# શ્રી લોહાણા મહાપરિષદ લઘુ ઉદ્યોગ મહિલા સમિતિ-વિદર્ભ-નાગપુર રીઝન




શ્રી લોહાણા મહાપરિષદ લઘુ ઉદ્યોગ સમિતિ મહિલા વિભાગ વિદર્ભ નાગપુર રીઝન ના અધ્યક્ષા શ્રીમતી હેમાબેન રાજાના નેતૃત્વમાં બેસ્ટ ઓફ વેસ્ટના વર્કશોપ નું આયોજન તા. ૨૫-૦૩-૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હતું જે કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો.

શ્રી લોહાણા મહાજન વાડીમાં કરવામાં આવેલ આ કાર્યક્રમમાં કુલ ૧૧ સ્ટોલ ગૃહ ઉદ્યોગની બહેનોને નિ:શુલ્ક ફાળવવામાં આવ્યા હતા. સાથે સાથે બેસ્ટ આઉટ ઓફ વેસ્ટની કુકરી તેમજ આર્ટની પ્રતિયોગિતા પણ રાખવામાં આવેલ હતી જેમાં બહેનોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. લગભગ ૪૫ બહેનોની એન્ટ્રી આવેલ હતી. આ ઉપરાંત ઉપસ્થિત બહેનોને ૩૫ આઈટમો બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ ની શીખવાડવામાં પણ આવેલ હતી કે જેથી કરીને તેઓ જો ધારે તો વગર મૂડીએ અથવા નજીવા રોકાણથી પોતાનો વ્યવસાય ઉભો કરી શકે. આ વર્કશોપમાં લગભગ ૨૦૦ થી ૨૫૦ બહેનોએ હાજરી આપી હતી. શ્રીમતી હેમાબેન રાજા તરફથી કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે સમાજ શ્રેષ્ઠિઓ તેમજ પધારેલી સર્વે બહેનોને માટે નાસ્તાનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રતિયોગિતા જીતનાર બહેનોને મની વાઉચર આપવામાં આવ્યા હતા. જે ઉદ્યોગના સ્ટોલ પર વાપરી પણ શકે જેથી સ્ટોલ ધારક બહેનોને પણ લાભ થાય. કાર્યક્રમમાં પધારેલા મહાનુભવો તથા જજોનું સ્વાગત પુષ્પગુચ્છ અર્પણ ન કરતા બહેનો પાસેથી ખરીદેલી વસ્તુઓથી કરવામાં આવ્યું હતું. એકંદરે કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.



# શ્રી લોહાણા મહાપરિષદ જૂનાગઢ મહિલા સમિતિ ઝોન -૩



શ્રી લોહાણા મહાપરિષદ જૂનાગઢ મહિલા સમિતિ ઝોન–૩ દ્વારા વિજળી બચાવવા અંગે નવી પહેલ મોંઘી ઉર્જાને કેમ બચાવવી અને કેમ વાપરવી તે અંગે નું માર્ગદર્શન અપાયું હતું. ગત તા. ૨૮ માર્ચના સાંજે નગરશેઠની હવેલી દેવ મંદિર પંહાટડી ચોક જૂનાગઢ ખાતે શ્રી લોહાણા મહાપરિષદ જૂનાગઢ મહિલા સમિતિ ઝોન–૩ દ્વારા વિજળી બચાવવાની નવી પહેલ કરતો કાર્યક્રમ યોજાયો હતો. જેમા મોંઘી ઉર્જાને કેમ બચાવવી અને કેમ વાપરવી તે અંગે નું માર્ગદર્શન અપાયું હતું.

વર્તમાન સમયમાં ભારતના કોલસાના ભંડારો પૂરા થવાના આરે છે ત્યારે શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિએ લોકોને ઉર્જાની બચત કેમ કરવી તે અંગે કાર્યક્રમનું એક નવું જ આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં પેટ્રોલીય સંરક્ષણ અનુસંધાન ઉર્જા અંગે માર્ગદર્શન અપાયું હતું.

આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના જૂનાગઢ ઝોન–૩ના મહિલા પ્રમુખ પૂજાબેન કારીયા, મંત્રી અલ્પાબેન ઉનડકટ, અનિલાબેન બથીયા વગેરે સહિત શ્રી લોહાણા મહાપરિષદની બહેનો ઉપસ્થિત રહી હતી. તેમજ ઉપસ્થિત બહેનોએ ઉર્જા બચાવવા નો સંકલ્પ કર્યો હતો.



# શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ ઝોન -૩



શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ સૌરાષ્ટ્ર ઝોન-૩ દ્વારા 'વિશ્વ મહિલા દિવસ' પર રેડક્રોસ હોલ ખાતે અનોખી મહિલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું જે કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો.

આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરા જાળવી રાખવા તથા સંસ્કૃતિની ધરોહર સમી આપણી મહાપૌરાણિક કથાઓ, મહિલા એકપાત્રિય અભિનય તેમજ પાત્રને અનુલક્ષીને પાંચ મિનિટના વકતવ્યની એક સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આજના આધુનિક યુગમાં પણ પૌરાણિક કથાઓના પાત્રોની પુસ્તકમાં આલેખાયેલ જીવનશૈલી પ્રત્યક્ષ સ્વરૂપે જોવા મળી હતી. પૌરાણિક કાળમાં સ્ત્રી સશક્તિકરણનો વારસો અદ્‌ભુત રીતે જળવાયેલ છે. આપણા ભારત દેશમાં સ્ત્રીઓને માન અને સન્માન આપવામાં આવે છે. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી ભાવનાબેન, રેખાબેન, રચેતાબેન વગેરે મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મહાપરિષદ મહિલા સમિતિ ચેતનાબેન મિશ્રાણી, અલ્પાબેન ઉનડકટ, દિપ્તીબેન સેજપાલ, ચેતનાબેન પંડયા, સાધનાબેન નિર્મળ વગેરે મહિલાઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. એક પાત્રીય અભિનયમાં વિજેતાઓને ઈનામથી નવાજિત કરવામાં આવ્યા હતા.

સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા પૂજાબેન કારિયા, અનિલાબેન સહિતની અનેક મહિલાઓએ જહેમત ઉઠાવી હતી.



# કેનેડા તકોનો દેશ



શ્રી લોહાણા મહાપરિષદના ઉપક્રમે એક માહિતીપ્રદ સત્ર કેનેડા : તકોનો દેશ આયોજિત કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન.

શ્રી લોહાણા મહાપરિષદના ઉપક્રમે રવિવાર તા. ૯-૪-૨૦૨૩ ના રોજ શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ ખાતે સવારે ૧૦ કલાકે ''કેનેડા તકોનો દેશ'' નામક કાર્યક્રમ યોજાયા હતો. કાર્યક્રમ ના વકતા શ્રી શ્યામભાઈ નથવાણી વ્યવસાયે વકીલ અને ઈમિગ્રેશન નિષ્ણાતે કેનેડા ની ઈમિગ્રેશન નીતિઓ, રોજગાર ની ક્ષમતા, કેનેડા માં અભ્યાસ કરવા અથવા કામ કરવા માટે વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકો માટે કારકીર્દીની તકો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સાથે સાથે કાર્યક્રમ માં ઉપસ્થિત સર્વેના સવાલોના સંતોષકારક જવાબો પણ આપ્યા હતા જેથી કેનેડામાં સ્થળાંતર કરવા અને સ્થાયી થવા ઈચ્છતા લોકોને સચોટ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.


આ કાર્યક્રમમાં ૩૦ યુવાનો અને યુવતીઓ એ ભાગ લીધો હતો, પ્રશ્નો પુરા થતા શ્રી શ્યામભાઈ એ જેમને જરૂર હોય તેમની સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરી પૂરી જાણકારી આપી અને માર્ગર્શન કર્યું હતું.

કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ - ટ્રસ્ટી શ્રી સતિષભાઈ વિઠ્ઠલાણી, શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. સુરેશભાઈ પોપટ, શ્રી લોહાણા મહાપરિષદના જોઈન્ટ સેક્રેટરી શ્રી નિખીલભાઈ સુબા એ હાજરી આપી હતી અને કાર્યક્રમના વકતા શ્રી શ્યામભાઈ નથવાણીનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું તથા તેમનો આવા સુંદર માર્ગદર્શન બદલ આભાર માની કાર્યક્રમને વિરામ આપ્યો હતો.





# શ્રી જલારામ લોહાણા કન્યા છાત્રાલય, વલ્લભ વિદ્યાનગરનો ૨૩મો વાર્ષિકોત્સવ







શ્રી જલારામ લોહાણા કન્યા છાત્રાલય, વલ્લભ વિદ્યાનગરનો ૨૩મો વાર્ષિકોત્સવ તા. ૧૧-૩-૨૦૨૩ને શનિવારના રોજ ઉત્સાહ પૂર્વક સંપન્ન થયો.

શ્રી જલારામ લોહાણા કન્યા છાત્રાલય, વલ્લભ વિદ્યાનગર નો ૨૩મો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ મહેમાનો, ટ્રસ્ટીઓ અને સમાજ શ્રેષ્ઠીઓ ના સાનિધ્યમાં ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયો. સંસ્થાના જમીન દાતા સ્વર્ગીય નારણદાસ ભાયાણી, સ્થાપક ટ્રસ્ટી સ્વ. શ્રી. કે. આઈ. ઠક્કર અને અન્ય ટ્રસ્ટીઓ તેમજ દાતાઓના અથાગ પ્રયત્નોથી આ સંસ્થાએ સફળતાના ૨૩ વર્ષ પૂર્ણ કર્યા.

કોરોના કાળના બે વર્ષ બાદ યોજાયેલ આ વાર્ષિક ઉત્સવમાં આ વર્ષે વિશેષ ઉત્સાહ જોવા મળતો હતો. સંસ્થાના પ્રમુખશ્રી અનિલભાઈ ઠક્કર, મંત્રી શ્રીમતી રીટાબેન ઠક્કરની અને મહેમાનો તેમજ ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં શ્રી લોહાણા મહાપરિષદના હાયર એજ્યકેશન અને પ્રાઈમરી સેકન્ડરી એજ્યકેશનના અધ્યક્ષ શ્રી નિરવભાઈ ઠક્કર અને શ્રી જયેશભાઈ ઠક્કર હતા. અમદાવાદથી વડીલ ટ્રસ્ટીશ્રી અમૃતભાઈ ઠક્કરે આ પ્રસંગે હાજરી આપી હતી. ટ્રસ્ટી શ્રી વૈકુંભાઈ ગોપાણી, શ્રી નટુભાઈ ઠક્કર, સ્થાપક ટ્રસ્ટીશ્રી હસમુખભાઈ કારિયા, પ્રમુખશ્રી અનિલભાઈ ઠક્કર સાથે દક્ષાબેન પધાર્યા હતા. ઉપપ્રમુખશ્રી પરેશભાઈ



ઠક્કર, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ રાયચા, શ્રી પ્રવિણભાઈ ઠક્કર, શ્રી પ્રદીપભાઈ ઠક્કર, સંસ્થાના હિત ચિંતક અને માર્ગદર્શક શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના, શ્રી કાંતિભાઈ સાદરાણી બધી વિદ્યાર્થીની ઓને પ્રોત્સાહન આપવા પધાર્યા હતા. આણંદ વિદ્યાનગરના જ્ઞાતિજનો, કોલેજના પ્રિન્સિપલ, પ્રધ્યાપકો,





પ્રતિષ્ઠિત મહેમાનો, વિદ્યાર્થીનીઓના વાલીઓ, શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થીભવનના વિદ્યાર્થી ભાઈઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. દીપ પ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી, જેમાં ઉપસ્થિત મહેમાનો જોડાયા હતા. મહેમાનોના શાબ્દિક સ્વાગત બાદ પ્રેયર ડાન્સથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી જેમાં નૃત્ય, ગરબા, વેસ્ટર્ન ડાન્સ, નાટક, ગીત-સંગીત, મોનો એકટીંગ, કવિતા, ફેશન શો જેવા કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના મધ્યમાં શિક્ષણ કે શિક્ષણેતર પ્રવૃત્તિમાં વિશેષ પ્રાવીણ્ય મેળવનાર, રંગોળી સ્પર્ધામાં નંબર મેળવનાર વિદ્યાર્થીનીઓને મહેમાનોના હાથે ઈનામો આપી બિરદાવવામાં આવી હતી.

ત્યારબાદ સંસ્થાના મંત્રી શ્રી રીટાબેને છાત્રાલયનો સંક્ષિપ્તમાં અહેવાલ રજૂ કર્યો હતો. મુખ્ય મહેમાનો શ્રી નિરવભાઈ તેમજ શ્રી જયેશભાઈ એ પ્રસંગોચિત વક્તવ્ય આપી સંસ્થા અને વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા તેમજ મહાપરિષદના શિક્ષણ સમિતિના તમામ પ્રકલ્પોની વિગતવાર માહિતી આપી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી અનિલભાઈ ઠકકરે સંસ્થાની વધુમાં વધુ પ્રગતિ માટે અને વિકાસ માટે તન-મન-ધનથી મદદરૂપ થવાની તૈયારી બતાવી હતી. ત્યાર બાદ કાર્યક્રમનો ઉત્તરાર્ધ શરૂ થયો હતો જેમાં ફરી સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો. પ્રેક્ષકો મંત્રમુગ્ધ થયા હતા, અંતમાં બધાએ ભોજનનો આસ્વાદ માણ્યો હતો.



# શ્રી લોહાણા મહાજન, નડિયાદ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન




શ્રી લોહાણા મહાજન, નડિયાદ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન ખૂબજ સફળતા પૂર્વક યોજાઈ ગયું. નડિયાદ લોહાણા મહાજન દ્વારા ગત તા. ૨-૪-૨૦૨૩ ને રવિવારના રોજ નડિયાદના સેન્ટ્રલી એસી. ઈપ્કોવાલા હોલમાં સંતરામ મંદિર ના મહંત શ્રી રામેશ્વરદાસ મહારાજ મહાપરિષદના પ્રોફે. ચંદ્રકાંત તન્ના, આણંદ અને ખેડા જિલ્લાના વિવિધ શહેરોના મહાજન પ્રમુખશ્રીઓ શ્રી દિલીપભાઈ, શ્રી રસીકભાઈ, શ્રી વિપુલભાઈ વગેરે મહાપરિષદ રિજિઓનલ મંત્રી ભરતભાઈ ઠક્કર અને અન્ય સમાજ શ્રેષ્ઠીઓના સાનિધ્યમાં જીવન સાથી પસંદગી મેળો ખૂબજ સફળતા પૂર્વક સંપન્ન થયો. પરિચય મેળામાં મોટી સંખ્યામાં દિકરા દિકરીઓ પરિવાર સહિત ઉમટી પડયા હતા. લગભગ ૮૦૦ થી ૧૦૦૦ ની સંખ્યામાં ઉપસ્થિત લોકો થી આ ઈપ્કોવાલા હોલ ખીચોખીચ ભરાયેલા હતો, જયાં ખૂબજ વિશિષ્ટ માહોલમાં સુદર મઝાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ ની શુભ શરૂઆત રઘુવંશી ધ્વજ વંદન ગીત અને પરમ પૂજય જલારામ બાપાના પૂજન, અર્ચન અને દીપ પ્રાગટય થી થઈ.

નડીયાદ સંતરામ મંદિર મહારાજશ્રી એ પ્રેરણાદાયી વક્તવ્ય આપતા કહયું હતું કે, ‘શ્રી રામ ભગવાનના અવતાર સમા લોહાણા સમાજ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે.’ મહારાજશ્રીએ યુવક, યુવતિઓ ને





આશિષ વચન આપ્યા હતા, અને નડીયાદ લોહાણા મહાજનને શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય વકતા પ્રોફે. ચંદ્રકાન્તભાઈ તન્ના સાહેબે કહ્યું હતું કે, 'અમારી કોલેજના વિદ્યાર્થીને ૬૫ ટકા ઉપર માર્કસ આવેતો તેને ડીસ્ટીંકશન માર્કસ કહેવાય. એમ જીવનસાથી પસંદગીમાં તમે નકકી કર્યું હોય કે તે મુજબ તમારી પસંદગી ને ૨૦ ટકા માર્ક આપો, એજ્યુકેશન ને ૨૦ ટકા માર્ક આપો, સંસ્કાર અને વિચારો ને ૨૦ ટકા



માર્ક આપો, પૈસા અને પ્રતિષ્ઠાને ૨૦ ટકા માર્ક મળે, આમ દરેક કેટેગરીને ૨૦ ટકા માર્ક આપો તો ૧૦૦ ટકા માર્ક થાય. અને તેમાંથી ૬૫ ટકા મળે એટલે ડિસ્ટીકશન માર્ક કહેવાય, તમે જયારે યુવક, યુવતિ પરિચયમાં આવો ત્યારે તમારી અપેક્ષા મુજબ ૬૫ ટકા ઉપર માર્કસ મળે ત્યારે એ ખુબ સારા કહેવાય.' પછી લગ્ન બાદ તમે સાથે મળી તેને શ્રેષ્ઠ બનાવી શકો.

આમ પસંદગી માં પણ ૧૦૦ ટકા મળવું મુશ્કેલ છે, બાકી ૬૫ ટકા આપણને જોઈતું મળે તો ઉત્તમ, બાકી બધુંજ આપણું ધાર્યું મળી શકે નહીં. આમ પ્રોફે. શ્રી ચંદ્રકાંતભાઈ તન્ના સાહેબે ખૂબ સુંદર શબ્દોમાં વકતવ્ય આપ્યું હતું જે આમંત્રિત મહેમાનો તથા હોલમાં ઉપસ્થિત સમગ્ર કેન્ડીડેટ અને તેમના પરિવાર દ્વારા તાળીઓના ગડગડાટ થી સમગ્ર હોલનું વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

ત્યારબાદ કડી (ઊ. ગુજ) થી પધારેલા મહેમાન શ્રી જીતુભાઈ ઠકકરે પણ હાલની પરિસ્થિતિમાં આવા પ્રોગ્રામ ની ખુબ જ જરૂરી હોવા બાબત છણાવટ કરતાં જણાવ્યું હતું કે, 'આપણા સમાજમાં પહેલા ના જમાનામાં વડીલો આ અંગે સમય કાઢીને પહોંચી વળતા હતાં. જે અત્યારે સમયના અભાવે થઈ શકતું નથી. ત્યારે આવા પરિચય મેળા નાં કાર્ય માટે આપણા સમાજ ના દરેક સભ્યોને મહેનત અને સાથ સહકાર આપવા અનુરોધ કર્યો હતો.'

નડિયાદ લોહાણા સમાજ ના પ્રમુખશ્રી કલ્પેશભાઈ જે. ઠકકર, મહામંત્રી શ્રી ભરતભાઈ ઠકકર, ઉપ પ્રમુખશ્રી કનૈયાલાલ ઠકકર અને કારોબારી સભ્યો તથા સહ મંત્રીશ્રી કૌશિકભાઈ ઠકકર, સુધીરભાઈ પુજારા,





જેવિનભાઈ ઠક્કર, સંદિપભાઈ ઠક્કર, કુણાલભાઈ કાનાબાર, કમલેશભાઈ ઠક્કર, અતુલભાઈ ઠક્કર તેમજ કાર્યકરો, ગ્રુપ મેમ્બર્સ જતીનભાઈ ઠક્કર ઊતરસંડા વાળા, જીતેન્દ્રભાઈ એસ. ઠક્કર, કુણાલભાઈ હાલાણી, પરેશભાઈ ઠક્કર, હાર્દિકભાઈ અખાણી, વિરેન્દ્રભાઈ ઠક્કર, તથા નડીયાદ લોહાણા મહાજન મહિલા પાંખના સભ્યો શ્રીમતી દર્શનાબેન ઠક્કર, નિકિતાબેન ઠક્કર, ઉર્વશીબેન જે. ઠક્કર, અંજુબેન સાદરાણી, કેતકીબેન ઠક્કર (ઊતરસંડા), હેતલબેન ઠક્કરે ખૂબજ મહેજનત અને પુરુષાર્થ કરીને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

મહામંત્રી શ્રી ભરતભાઈ ઠક્કરની મહેનત રંગ લાવી હતી. તેમની સખત મહેનત ને કારણે આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

આ કાર્યક્રમમાં આણંદ જિલ્લાના તથા ખેડા જિલ્લાના આગેવાનશ્રીઓ, તારાપુર લોહાણા મહાજન પ્રમુખ શ્રી દિલીપભાઈ, લીંબાસી લોહાણા મહાજન પ્રમુખ શ્રી પીન્ટુભાઈ, ડાકોર લોહાણા મહાજન પ્રમુખ શ્રી રસિકલાલ, મહેમદાવાદ લોહાણા મહાજન પ્રમુખ શ્રી વિપુલભાઈ ઠક્કર, બોરસદ લોહાણા મહાજન પ્રમુખ શ્રી નરેન્દ્ર ઠક્કર, આણંદ જિલ્લાના રિજયોનલ મંત્રી શ્રી ભરતભાઈ ઠક્કર વિ. હાજર રહ્યા હતા.

નડીયાદ લોહાણા મહાજન તરફથી ચા, નાસ્તા અને ભોજન તથા આઈસ્ક્રીમની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ૧૮૦ યુવક અને ૬૦ યુવતિઓ એ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સુંદર સંચાનલ કુણાલભાઈ કાનાબારે કર્યું હતું.



# શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન, વિદ્યાનગર નો વાર્ષિકોત્સવ








વલ્લભ વિદ્યાનગર સ્થિત શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવનનો ૨૮ મો વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ અને અંતિમ વર્ષના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ પ્રમુખ શ્રી રાજેન્દ્ર મજીઠિયા, ટ્રસ્ટીશ્રીઓ શ્રી હસમુખભાઈ કારીયા, શ્રી મહેન્દ્રભાઈ રાયચા, શ્રી પ્રવીણભાઈ ઠક્કર, શ્રી મગનભાઈ રૂપાવેલ, શ્રી અનિલભાઈ ચંદ્રાણી, શ્રી પરેશભાઈ કારિયા, શ્રી મનુભાઈ ઠક્કર, ટી વી કલાકાર શ્રી જનક ઠક્કર, કન્યા છાત્રાલયના પ્રમુખ શ્રી અનિલભાઈ શ્રોફ, માનદ મંત્રી રીટાબેન ઠક્કર, પૂર્વ મંત્રી શ્રી કાંતિભાઈ સાદરાણી, દિપ્તીબેન તન્ના, દક્ષાબેન, વિરેનભાઈ તેમજ અન્ય સમાજ શ્રેષ્ઠીઓના સાનિધ્યમાં ખૂબજ ઉત્સાહ પૂર્વક સંપન્ન થયો.

સમારોહની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાથી થયા બાદ સંસ્થાના માનદ મંત્રી પ્રોફે. ચંદ્રકાંત તન્નાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કરી વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ શૈક્ષણિક અને સહશૈક્ષણિક સિદ્ધિઓથી સૌને વાકેફ કરી અભિનંદન પાઠવ્યા હતા. શિક્ષણ, રમતગમત અને ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરેલા આ સૌ છાત્રોનું સૌ ટ્રસ્ટીઓ અને મહેમાનો ના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું તેમજ વિદાય લઈ રહેલા અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ ને સંસ્થા દ્વારા સ્મૃતિ ભેટ આપી ઉચ્ચ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવવામા આવી હતી. પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ, શ્રી હસમુખભાઈ અને શ્રી અનિલભાઈ એ પ્રાસંગિક ઉદબોધન માં સૌને અભિનંદન પાઠવી જીવનમાં ખૂબ પ્રગતિ કરો અને પરિવાર તેમજ સંસ્થાનું નામ રોશન કરો તેવા આશિષ સહ શુભકામનાઓ પાઠવી હતી. અભ્યાસ પૂર્ણ કરી વિદાય થતાં વિદ્યાર્થીઓ વતી ભૂમિલ ઠક્કર અને ભદ્રેશ ઠક્કરે પોતાના છાત્રાલયના અનુભવ રજૂ કરી અહીંથી મેળવેલ સંસ્કારો અને જીવન ઘડતરના પાઠ








વાગોળી સંસ્થા અને ટ્રસ્ટીઓનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ એ નાટક, ગીત, સંગીત, કવિતા અને શેર શાયરી રજૂ કરી વાતાવરણ ને પ્રફુલ્લિત કરી દીધું હતું. માત્ર એટલુંજ નહી માનદ મંત્રી શ્રી પ્રદીપભાઈ, શ્રી અનિલભાઈ, કાવ્ય તન્ના અને દક્ષાબેને પણ સુમધુર ગીતો રજૂ કરી સૌના દિલ જીતી લીધા હતા.

સમારોહમાં કન્યા છાત્રાલય ના ગૃહમાતા શીલાબેન, મહાપરિષદ આણંદ રિજનલ સેક્રેટરી શ્રી ભરતભાઈ ઠકકર, આણંદ મહાજનના હોદ્દેદારો શ્રી પ્રકાશભાઈ મીરાણી, શ્રી અતુલભાઈ પાવાગઢી, રીનાબેન, હીનાબેન, શ્રી મહેન્દ્રભાઈ ઠકકર, શ્રી નટુભાઈ ઠકકર, શ્રી પ્રવિણભાઈ, ડૉ. મનોજ જવાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર સમારોહ માનદ મંત્રીશ્રીઓ શ્રી ચંદ્રકાંતભાઈ અને શ્રી પ્રદીપભાઈ ના માર્ગદર્શન મા ગૃહપતિ શ્રી યતીશભાઈ તેમજ છાત્રો માહીર, ભાવિક, ભૂમિલ ની જહેમતથી સાંગોપાંગ સફળ રહ્યો હતો. રંગારંગ કાર્યક્રમનું સંચાલન ભદ્રેશ અને મન દ્વારા કરવામાં આવ્યું હતું.









# શાબાશ રઘુવંશી

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા ૭૧, મો પદવિદાન અને દિક્ષાંત સમારોહ  તા. ૫-૧-૨૦૨૩ના રોજ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી હોલ માં યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્યના મહામહીમ રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત, કેબીનેટ મિનિસ્ટર શ્રી ઋષિકેશ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી પ્રફુલ પાનસુરીયા અને ગુજરાત યુનિવર્સિટી વાઇસ ચાન્સેલર શ્રી હિમાંશુ પંડયા દ્વારા વિવિધ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને ડીગ્રી દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. જેમાં આપણા બનાસકાંઠા ડીસા ના પીઢ પત્રકાર શ્રી શંકરભાઈ કતીરાની સુપુત્રી કુ. રાજવી શંકરભાઈ કતીરા ને ઈન્ટેલેકચ્યુંએલ પ્રોપર્ટી રાઈટસ માં ગુજરાતમાં પ્રથમ આવવા બદલ રાજયપાલ શ્રી દ્વારા ગોલ્ડમેડલ થી સન્માનીત કરી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કુ. રાજવી શંકરભાઈ કતીરા ગુજરાતની પ્રતિષ્ઠિત નાણાવટી એસોસિએટસ અમદાવાદમાં લીગલ એડવાઈઝર તરીકે કોપીરાઈટ અને ટ્રેડમાર્કની જવાબદારી સંભાળે છે અને સાથે જ પી. એચ. ડી ની તૈયારી પણ કરી રહ્યા છે. માતૃસંસ્થા મહાપરિષદ વતી કુ. રાજવીને ખૂબ અભીનંદન અને શુભકામનાઓ....



# શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા મંડળ આણંદ તરફથી નિ:શુલ્ક આંખોની તપાસ તથા ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન.








શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન આણંદના સહયોગથી, શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહિલા મંડળ આણંદના પ્રમુખ શ્રીમતી હર્ષાબેન ઠકકર તથા મંત્રી શ્રીમતી હીનાબેન જવાણી અને સમગ્ર કારોબારી ટીમના આયોજનમાં તારીખ ૧૬ એપ્રિલ ૨૦૨૩ના રોજ નિ:શુલ્ક આંખોની તપાસ તથા ફિઝીયોથેરાપી કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૧૩૮ વ્યક્તિઓએ લાભ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનના પ્રમુખશ્રી પ્રકાશભાઈ મીરાણી, ઉપપ્રમુખ શ્રીમતી રીનાબેન ઠકકર, પૂર્વ પ્રમુખશ્રી જયેશભાઈ ઠકકર તથા શ્રી નરેન્દ્રભાઈ માણેક, શ્રી જગદીશભાઈ હરિયાણી, શ્રી નવલભાઈ ઠકકર તથા બંને બોયસ અને ગર્લ્સ હોસ્ટેલના માનદમંત્રીશ્રી તેમજ ગૃહમાતા તથા મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહ્યા હતા. આ સમગ્ર કેમ્પને સફળ બનાવવામાં સહયોગ આપનાર બી. એન. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી તથા બી. એન. પટેલ ઓપટોમેટ્રી ડિપાર્ટમેન્ટના સૌ ડોકટર્સ તથા કેમ્પમાં સહયોગી થનાર સૌનો આણંદ લોહાણા મહિલા મંડળ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.







# શ્રી લોહાણા સમાજ સંગઠનની સભા



શ્રી લોહાણા સમાજ સંગઠનની સભા રવિવાર, તા. ૨૩ એપ્રિલ ૨૦૨૩ આંખે દેખ્યો અહેવાલ હિંમત સોમૈયા ની કલમનું તારણ.

શ્રી લોહાણા મહાજન અલીબાગ ના પ્રમુખ શ્રી ભરતભાઈ તન્ના સાહેબ અને મહાજન ને સમર્પિત ટીમ કાર્યકરો ના માનભર્યા નિમંત્રણ ને માન આપી શ્રી લોહાણા સમાજ સંગઠન ટ્રસ્ટ કોંકણ વિભાગ દ્વારા આયોજીત અલીબાગ સ્થાનકે મળેલી મન પાંચમના મેળાવડા જેવી સંગઠનની સભા મૂલ્યોની દ્રષ્ટિએ જ્ઞાતિ સંગઠન ભાવના સંદર્ભે ઘણાં સૂચિતાર્થો નિર્દેશ કરે છે. સભામાં કોંકણ વિભાગના પ્રમુખ શ્રી તેમજ પદાધિકારીઓ, ટ્રસ્ટી મહાનુભાવો તેમજ સંગઠન ઘટક મહાજનોના પ્રતિનિધિઓ મળી સુમારે ૬૦ જેટલાં સભ્યો, જેમાં યુવાઓ અને મહિલાઓ ની સવિશેષ હાજરી હતી જે એક ભાવિનો અણસાર આપે છે કે આપણી તરૂણ પેઢી ઉમંગ ઉત્સાહ અને ઉમળકા સાથે અને નિશ્ચિત લક્ષ સાથે જ્ઞાતિ હિત સેવાર્થે ભાગ લઈ રહી છે એ લોહાણા જ્ઞાતિના ઉજળા ભવિષ્યનો અણસાર છે. કુમારી દેવિશા ઠક્કરે અને અન્ય બહેનોએ પોતાના પ્રવચનમાં વિચારોને વલોવી ને નવનીત તારવી જે વિચારો રજુ કર્યા તે અભિનંદન ને પાત્ર છે.





સંગઠન ના માનદ મંત્રી શ્રીમતી સ્વાતિબેન ઠક્કર, મંત્રી શ્રી કેયુરભાઈ ઠક્કર અને સંયોજક શ્રી ભરતભાઈ ચંદનના નિષ્ઠા પૂર્વક ના હોમ વર્ક અને ડીજીટલ ટેકનોલોજી ના સુમેળથી કાર્યવાહીની ઉદાહરણીય રજુઆત થી સભાની કાર્યવાહી સુપરફાસ્ટ અને સુપર્બ બની રહી એ ટીમ ને અભિનંદન પાઠવું છું. પ્રમુખ શ્રી ધર્મેન્દ્રભાઈ કારીયા સંગઠનના ઘટક મહાજનોને સ્થાનિક ક્ષેત્રે પ્રવૃત્તિઓ કરવા જે રીતે પ્રોત્સાહન આપી રહ્યાં છે અને વ્યક્તિગત રીતે સંપર્કો કેળવવા માટે મોટીવેટ કરી રહ્યાં છે એ સંગઠન ટીમ માટે ઉમદા અને અનુકરણીય લીડરશીપ સ્થાપિત કરી રહ્યાં છે એ સરાહનીય છે. એ વાસ્તવિકતાથી એક સત્ય સ્થાપિત થાય છે એ કે વિભાગીય સંગઠનો ના રચનાત્મક કાર્યોથી શહેરોના મહાજનોના કાર્યકરો અને કસબા એટલે કે નાના ગામડામાં ગણ્યાં ગાંઠયા ઘરો ના મહાજનોના કાર્યકરો એકમેકના પરિચયમાં આવી સામાજીક સમસ્યાઓ ને સુપેરે સુલટાવી શકે એવી હામ, હૂંફ અને હૈયા ધારણા મેળવે છે તેમજ સ્થાનિક ક્ષેત્રે જ્ઞાતિ હીતની પ્રવૃત્તિઓના વિકાસ માટે માર્ગદર્શન મેળવે છે એ ફળસ્વરૂપે વિભાગીય સંગઠનોની સફળતા છે. શ્રી લોહાણા સમાજ સંગઠન ટ્રસ્ટ કોંકણ વિભાગ એ દ્રષ્ટિએ એક અનોખી અને તદન નોખી સંગઠન સંસ્થા તરીકે પ્રસ્થાપિત થઈ છે ત્યારે ભૂતકાળ ની એ ઐતિહસિક ઘટનાઓ ની સ્મૃતિઓ મન ચક્ષુઓ પર ઉપશી આવે છે કે, સન ૧૯૯૪માં નવી મુંબઈ શ્રી લોહાણા સમાજ ના મંચ પર પાંચ મહાજનો જેમાં નવી મુંબઈ, થાણા, કલ્યાણ, ડોમ્બીવલી, પનવેલ અને ભીવંડી ના પ્રમુખ પ્રતિનિધીઓની વિચારધારા ને મૂર્ત સ્વરૂપ આપી શ્રી લોહાણા સમાજ સંગઠન ટ્રસ્ટ કોંકણ વિભાગ ની રચના પાંચ (મહાજનો) આંગળીઓ ભેગી મળી મુઠ્ઠીબની, એ મુઠ્ઠી સાથે સથવારો પામી પંદર (મહાજનો) સાથે ભળી, ફળસ્વરૂપે વિસ્તાર વધ્યો, વિશ્વાસ વધ્યો, વહેવાર વધ્યો અને આજે અઠ્ઠાવીસ (૨૮) મહાજનોનું મહાસંગઠન બન્યું. संघ शक्ति कलियुगे ની ઉદાહરણીય સંસ્થા સ્થાપિત થઈ. હિંમત સોમૈયા ના જય રઘુવંશ.



# શ્રી લોહાણા મહાપરિષદ
# SHREE LOHANA MAHAPARISHAD

Registered under B.P.T. Act 1950 No. A/2119



Regd. Office: C/o. Lohana Kanya Shala, Netaji Subhash Chandra Bose Road, Near Mulund Police Station, Mulund (W), Mumbai 400080 (INDIA) Contact No.: +91 79779 58330

Administrative Office: 610, Colonnade, Opposite Iscon BRTS Bus Stand, Ambli Road, Bopal, Ahmedabad 380058 (INDIA) Contact No.: +91 99099 99308

Email: contact@lohanamahaparishad.org • Website: www.lohanamahaparishad.org


II જય રઘુવંશ II II જય જલારામ II II જય મહાપરિષદ II


પ્રમુખ
સતિષ ડી. વિઠલાણી
વરિષ્ઠ ઉપપ્રમુખ
જીતેન્દ્ર એમ. ઠક્કર
જીતેન્દ્ર એચ. લાલ
ધર્મેશ એચ. હરીયાણી
મહામંત્રી
હરીશ બી. ઠક્કર
ડો. સુરેશ એ. પોપટ
ખજાનચી
વસંત એમ. અનારકટ
યોગેશ વી. ઠક્કર
મહિલા અધ્યક્ષ
રશ્મિ એસ. વિઠલાણી
યુવા અધ્યક્ષ
ચિંતન બી. વસાણી

ઝોનલ પ્રેસીડેન્ટ
કે.સી. ઠક્કર
(કચ્છ ઝોન)

(સૌરાષ્ટ્ર ૧)
અરવીંદ પાબારી
(સૌરાષ્ટ્ર ૨)
કૃષ્ણકાંત રૂપારેલીયા
(સૌરાષ્ટ્ર ૩)
સુમીત ઠક્કર
(સૌરાષ્ટ્ર ૪)
ભગવાનદાસ ઠક્કર (બંધુ)
(ઉત્તર ગુજરાત)
અશોક ટી. ગઢીયા
(મધ્ય ગુજરાત)
શૈલેષ બી. સોનપાલ
(દક્ષીણ ગુજરાત)
પિયુષ જી. ગંઠા
(મુંબઈ)
ધર્મેન્દ્ર કારીયા
(મહારાષ્ટ્ર)
નિલેશ ગઢીયા
(વિદર્ભ)
કિસન જે. મીરાણી
(મધ્ય ભારત)
પ્રફુલ સેજપાલ
(દક્ષીણ ભારત)
હેમંત એમ. કાથરાણી
(પૂર્વ ભારત)
અરવીંદ પોપટ
(ઉત્તર ભારત)
ડો. વીપીન મીથીયા
(Canada)
સુરૂભાઈ માણેક
(USA)
ભરત સોઢા
(UK & Europe)
હરીશ પવાણી
(GCC)
બીમલ કંટારીયા
(Kenya)
નવીન કાનાબાર
(Tanzania)
સુધીર રૂપારેલીયા
(Uganda)
કેતન કોટેચા
(Rest of Africa)


તા. ૨૫ એપ્રિલ ૨૦૨૩

## ષષ્ટમ્ કારોબારી સમિતિ સભા

પ્રતિ,
પરમ સ્નેહી શ્રી કારોબારી સમિતિ સભ્ય/આમંત્રિત સભ્ય શ્રી,
શ્રી લોહાણા મહાપરિષદ.

જય રઘુવંશ, જય મહાપરિષદ,

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની ૨૦૨૦-૨૫ ના સત્રની ષષ્ટમ્ કારોબારી સમિતિની બેઠક માતૃસંસ્થા ના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી ના અધ્યક્ષ પદે શ્રી લોહાણા મહાપરિષદ સૌરાષ્ટ્ર-૩ ઝોન ના યજમાન પદે શનિવાર, તા. ૩ જૂન તથા રવિવાર, ૪ જૂન ૨૦૨૩ ના રોજ કારોબારી સમિતિ ની બેઠક જુનાગઢ ખાતે યોજવામાં આવી છે. આપશ્રી ને કારોબારી સમિતિ ની બેઠકમાં સમયસર હાજર થઈને ભાગ લેવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

વિશ્વ સ્તરે વસતા આશરે ૨૫ થી ૩૫ લાખ લોકો ની સંખ્યા ધરાવતી લોહાણા જ્ઞાતિના જવાબદાર પ્રતિનિધિ તરીકે આપની આ સભામાં ઉપસ્થિતિ અનિવાર્ય છે. જો કોઈ પણ કારણસર આપ આવી ન શકો તેમ હોય તો contact@lohanamahaparishad.org ઉપર અથવા પત્ર વ્યવહાર થી મુંબઈ સ્થિત રજિસ્ટર્ડ કાર્યાલય માં તા. ૧૫ મે ૨૦૨૩ પહેલા જાણ કરવા નમ્ર વિનંતી.

## વિશેષ નોંધ:

- તા. ૩ જૂન શનિવાર તથા ૪ જૂન રવિવાર ૨૦૨૩ ના દિવસે યોજાનાર બેઠક ના કાર્યક્રમોની વિગતો, એજંડા તથા રહેવા માટે કરેલ વ્યવસ્થા ની માહિતી આ સાથે સામેલ કરેલ છે.
- સૌ સભ્યોને પોતાની વ્યક્તિગત/સંયુક્ત અનુકૂળતા મુજબ સંપર્ક સૂત્રોનો સંપર્ક સાધી પોતાના આગમન તથા રહેવાની વ્યવસ્થા જાતે ગોઠવી લેવા વિનંતી. સભા સ્થળ ની નજીક આવેલી હોટલો તેમજ તેના અંદાજે રૂમ દીઠ ભાડા વિષે માહિતી આ સાથે બિડેલ છે.
- ષષ્ટમ કારોબારી સમિતિ ની મિટિંગ તા. ૩ જૂન શનિવાર સવારે ૧૦:૦૦ વાગ્યે રજિસ્ટ્રેશન અને અલ્પાહાર પછી ૧૦:૩૦ વાગે સમયસર શરૂ થઇ જશે. બહારગામ થી આવતા પ્રતિનિધિઓ ને આગલા દિવસે તા ૨ જૂન, શુક્રવાર ની સાંજે અથવા ૩ જૂન શનિવાર વહેલી સવારે જુનાગઢ મુકામે પહોંચી અને સવારે સમયસર મીટીંગ માં હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.
- જુનાગઢ ખાતેની સભા માટે રૂ. ૧૫૦૦/- ની ડેલિગેટ ફી રાખેલ છે. રજિસ્ટ્રેશન અને પેમેન્ટ આ લિન્ક ઉપર કરશો: https://rzp.io/l/LMP6thKarobariRegistration

**• જુનાગઢ ખાતે પ્રવાસ, ઉતારા વ્યવસ્થા વગેરે ની જાણકારી હેતુ સંપર્ક:**

- મીટિંગ સ્થળ: દ ફર્ન લીઓ રિસોર્ટ ઍન્ડ ક્લબ, ગિરનાર તળેટી રોડ, જુનાગઢ, ગુજરાત.
- ટ્રેન, બસ, તથા એર ટ્રાવેલ વિષે જાણકારી (વિગત આ સાથે બિડેલ છે):

રવિભાઇ કારીયા – મો. +91 9724385555
જગદીશભાઇ જોબનપુત્રા – મો. +91 8866178378
હાર્દિકભાઇ પોપટ – મો. +91 9998655505

- મિટિંગ સ્થળ નજીક ની હોટેલ્સની માહિતી અને માર્ગદર્શન (વિગત આ સાથે બિડેલ છે):

યતીનભાઇ કારીયા – મો. +91 7016990910
પરેશભાઇ રુપારેલિયા – મો. +91 6352574808

- જુનાગઢ ની નજીક જોવાલાયક સ્થળો તથા ટૂરિઝ્મ વિષે માર્ગદર્શન (વિગત આ સાથે બિડેલ છે):

જયકિશનભાઇ દેવાણી – મો. +91 9915244164
ગિરીશભાઇ આડતીયા – મો. +91 9427229394

Registration QR Code:

Location QR Code:

નોંધ: જુનાગઢ અને તેની આસપાસ અન્ય લોકપ્રિય પર્યટન ના સ્થળો છે, વધુ માહિતી માટે ઉપરોક્ત ભાઈઓ નો સંપર્ક કરવો.

હરીશ બી. ઠક્કર / સુરેશ એ. પોપટ
મહામંત્રીશ્રીઓ

# શ્રી લોહાણા મહાપરિષદ
# SHREE LOHANA MAHAPARISHAD

Registered under B.P.T. Act 1950 No. A/2119

Regd. Office: C/o. Lohana Kanya Shala, Netaji Subhash Chandra Bose Road, Near Mulund Police Station, Mulund (W), Mumbai 400080 (INDIA) Contact No.: +91 79779 58330

Administrative Office: 610, Colonnade, Opposite Iscon BRTS Bus Stand, Ambli Road, Bopal, Ahmedabad 380058 (INDIA) Contact No.: +91 99099 99308

Email: contact@lohanamahaparishad.org • Website: www.lohanamahaparishad.org


|| Jay Raghuvansh || || Jay Jalaram || || Jay Mahaparishad ||


Satish D. Vithalani
President
Jitendra M. Thakker
Jitendra H. Lal
Dharmesh H. Hariyani
Senior Vice-Presidents
Harish B. Thakkar
Dr. Suresh A. Popat
Hon. Secretaries
Vasant M. Anarkat
Yogesh V. Thakker
Treasurers
Rashmi S. Vithalani
Women's Wing President
Chintan B. Vasani
Youth Wing President

Zonal Presidents:
------
(Saurashtra 1)
Arvind Pabari
(Saurashtra 2)
Krushnakant Rupareliya
(Saurashtra 3)
Sumit Thakkar
(Saurashtra 4)
K. C. Thacker
(Kutch)
Bhagavandas S. Thakker
(North Gujarat)
Ashok T. Gadhia
(Central Gujarat)
Shailesh B. Sonpal
(South Gujarat)
Piyush G. Gantha
(Mumbai)
Dharmendra Karia
(Maharashtra)
Nilesh Gadhia
(Vidarbha)
Kishan J. Mirani
(Central India)
Praful Sejpal
(South India)
Hemant M. Kathrani
(East India)
Arvind Popat
(North India)
Dr. Vipin Mithia
(Canada)
Surendrakant Manek
(USA)
Bharat Sodha
(UK & Europe)
Harish Pawani
(GCC)
Bimal Kantaria
(Kenya)
Navin Kanabar
(Tanzania)
Sudhir Ruparelia
(Uganda)
Ketan Kotecha
(Rest of Africa)


Date: 25th April 2023

## SIXTH KAROBARI SAMITI MEETING

To,
Karobari Samiti Members and Invitees
Shree Lohana Mahaparishad.

Jay Raghuvansh! Jay Mahaparishad!
The Sixth Karobari Samiti (Working Committee) Meeting of Matrusanstha Shree Lohana Mahaparishad for the term 2020-2025 under the Presidentship of Shri Satishbhai Vithalani hosted by Shree Lohana Mahaparishad's Saurashtra-3 Zone will be held at Junagadh, Gujarat, India, on Saturday, 3rd June and Sunday, 4th June 202 Sunday, 4th June 20233. You are cordially invited to participate in the meeting.
As a diligent representative of our Lohana community of about 2.5 to 3.5 million people across the globe, it is expected that you attend and actively participate in the meeting. However, for any unavoidable circumstances, you are not available for the meeting, then please do advise about your absence on contact@lohanamahaparishad.org or at the registered office address in writing on or before 15th May 2023.

## IMPORTANT NOTE:

- Please find attached herewith the agenda of the Karobari Samiti (Working Committee) meeting being held on 3rd and 4th June 2023, along with the schedule of events.
- Information about travel to Junagadh, hotels near the meeting venue and approximate charges per room is attached herewith. Members/Invitees are requested to make their own travel and stay arrangements.
- The Sixth Karobari Meeting will start on 3rd June at 10:30 AM IST after the registration and breakfast at 10:00 AM IST. Delegates from outstation are requested to arrive at Junagadh on 2nd June, Friday evening or on the meeting date i.e. on 3rd June early morning to be present on time for the meeting.
- The delegate fee for Karobari Member and Invitee is INR 1500/- for the meeting at Junagadh. Registration and payment can be done on this link: https://rzp.io/l/LMP6thKarobariRegistration
- The meeting agenda in English is sent only for convenience of members who cannot read Gujarati. For all official purposes, agenda in Gujarati will be considered as final.

- **Contact information for travel and accommodation arrangements at Junagadh:**

- Event Venue: The Fern Leo Resort and Club, Girnar Taleti Road, Junagadh, Gujarat.

- For train, bus and air travel information*, contact:

Ravibhai Karia – Mo: +91 9724385555
Jagdishbhai Jobanputra – Mo: +91 8866178378
Hardikbhai Popat – Mo: +91 9998655505

- For details on accommodation options* near meeting venue, contact:

Yatinbhai Karia – Mo: +91 7016990910
Pareshbhai Rupareliya – Mo: +91 6352574808

- For details about tourist places* near Junagadh, contact:

Jaykishanbhai Devani – Mo: +91 9915244164
Girishbhai Adatiya – Mo: +91 9427229394

- There are popular tourist places in and around Junagadh, please contact above volunteers for more information.

Registration QR Code:

Location QR Code:

* NOTE: Please find information published in the attached document

Harish B. Thakkar / Dr. Suresh A. Popat
Secretaries